Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


૧ યાચના. ... ... ... ... ( વિનયકાંત કાંતિલાલ મહેતા. ) ... ૨૮૭
૨ શ્રી તીર્થંકર ચરિત્ર. ... ... (મુનિશ્રી દર્શનવિ૦ મહારાજ.) ... ૨૮૮
૩ અમારી પૂર્વદેશની યાત્રા... ... (મુનિ શ્રી ન્યાયવિજયજી મહારાજ)... ૨૯૦
૪ સંપત્તિ અને વિપત્તિનો સંવાદ. ... ... ( શાસ્ત્રી ) ... ... ૨૯૪
૫ મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ. ...(વિઠ્ઠલદાસ મૂલચંદ શાહ.)... ૩૦૩
૬ પ્રશ્નોત્તર સમસ્યાઓ. ... ... ( છગનલાલ નહાનચંદ નાણાવટી. )... ૩૦૬
૭ "વિવેક પર્વત." ... ... (સદ્‌ગુણાનુરાગી શ્રીકર્પૂરવિજયજી.)... ૩૦૭
૮ આત્મિક રાજ્ય પ્રાપ્તિનો ઉપાય. ... " ... ૩૦૮
૯ આત્માની ત્રણ અવસ્થાની સમજ... ( મો. ન. કાપડીયા. ) ... ... ૩૦૯


## શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ૨૯-૩૦ મા વર્ષની
## "શ્રી ધર્મપરિક્ષા" ગ્રંથ ભેટ.

આત્માનંદ પ્રકાશના ઓગણત્રીશ અને ત્રીશમા વર્ષની ભેટ તરીકે જૈન તત્ત્વજ્ઞાન કથાઓ સહિતનો ગ્રંથ "શ્રી ધર્મપરિક્ષા" ભેટ આપવાનો તૈયાર થઇ ગયેલ છે. દરેક પેપરોએ લવાજમ વધાર્યા છતાં અમો ફક્ત સાહિત્યની સેવા અર્થે હજુ સુધી તેજ લવાજમ રાખેલ છે. ઉપરાંત એક સુંદર બુક વિવિધ સાહિત્યની દરેક વખતે ભેટ આપવામાં આવે છે તે રીતે આ વખતે ભેટ આપવાની છે.

વી. પી. ચાર્જ વધવાથી અમોએ બે વર્ષનું લવાજમ એક સાથે વસુલ લેવાનો ક્રમ રાખેલ છે.

પુસ્તક ૨૯ અને ૩૦ ના બે વર્ષના લવાજમના રૂા ૨-૮-૦ અને વી. પી. ખર્ચના રૂા. ૦-૬-૦ મળી કુલ રૂા ૨-૧૪-૦ નું ભેટના પુસ્તકનું વી. પી. કરવામાં આવશે.

બે વર્ષના લવાજમના રૂા. અઢી તથા ટપાલખર્ચના ત્રણ આના મળી કુલ બે રૂપીઆ અગીઆર આનાનું મનીઓર્ડર કરનાર ગ્રાહકોને વી. પી. નહીં કરતાં ભેટની બુક સાદા બુકપોસ્ટથી રવાના કરવામાં આવશે જેથી વી. પી. ખર્ચનો બચાવ તે બંધુઓને થશે.

વી. પી. નહિં સ્વીકારનાર બંધુઓએ અમોને તુર્તજ લખી જણાવવું જેથી સભાના જ્ઞાનખાતાને નુકશાન તથા પોસ્ટ ખાતાને ખાલી મહેનત ન થાય.

દર વર્ષ મુજબ શ્રાવણ શુદ ૧ થી ભેટની બુકનું વી. પી. કરવામાં આવશે જેથી અમારા કદરદાન ગ્રાહકો સ્વીકારી લેશો એવી વિનંતિ કરીએ છીએ.

સેક્રેટરીઓ.

ભાવનગર—આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# आत्मानन्द प्रकाश.

( પુસ્તક ૨૯ મું )

॥ वन्दे वीरम् ॥

औचित्यादुचितप्रवृत्तिरूपत्वात् । वृत्तयुक्तस्याणुव्रतमहाव्रतसमन्वितस्य । वचनाज्जिनप्रणीतात् । तत्त्वचिन्तनं जीवादिपदार्थसार्थपर्यालोचनम । मैत्र्यादिसारं मैत्रीप्रमोदकरुणामाध्यस्थ्यप्रधानं सत्त्वादिषु विषयेषु । अध्यात्मं योगविशेषं । अतोऽध्यात्मात् । पापक्षयो ज्ञानावरणादि क्लिष्टकर्मप्रलयः । सत्त्वं वीर्योत्कर्षः । शीलं चित्तसमाधिः । ज्ञानं च वस्त्ववबोधरूपम् । शाश्वतमप्रतिघाति शुद्धं स्वतेजोवत् । अनुभवसंसिद्धं स्वसंवेदनप्रत्यक्षं तद्वृत्तम् । अमृतं पीयूषम् । स्फुटं भवति ।

योगबिन्दु—श्री हरिभद्रसूरि.

(પુ. ૨૯ મું) વીર સં. ૨૪૫૭–૫૮. આત્મ સં. ૩૬–૩૭ અંક ૧ થી ૧૨

પ્રકાશક—

## શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

વાર્ષિક મુલ્ય રૂા. ૧–૦–૦ ટપાલ ખર્ચ ૦–૪–૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વાર્ષિક અનુક્રમણિકા.



| નં. | વિષય. | લેખક. | પૃષ્ટ. |
|---|---|---|---|
| ૧ | પ્રારંભ ( કાવ્ય ) | વેલચંદ ધનજી. | ૧ |
| ૨ | જિનેન્દ્ર સ્તવઃ ( કાવ્ય ) | ન્યાયતીર્થ મુનિ હિમાંશુવિજયજી મહારાજ. | ૨ |
| ૩ | નૂતનવર્ષનું મંગલમય વિધાન. | ... ... ... ... | ૪ |
| ૪ | મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ. | અનુ૦ વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ. B. A. | ૧૪, ૪૩, ૭૪, ૧૦૧, ૧૨૨, ૧૫૨, ૧૭૧, ૨૦૦, ૨૩૦, ૨૫૯, ૩૦૩ |
| ૫ | સંપાદકનું કર્ત્તવ્ય. | અનુ૦ ગાંધી. | ૧૯, ૪૨ |
| ૬ | એક ઐતિહાસિક પત્ર. | સં. ભોગીલાલ જેચંદ સાંડેસરા. | ૨૩ |
| ૭ | સંસ્કારિત મન. | કસ્તુરચંદ હેમચંદ દેશાઇ. | ૨૫ |
| ૮ | સ્વીકાર, સમાલોચના. | | ૨૭. ૫૦, ૭૯, ૧૦૩, ૧૨૯, ૧૫૬ ૧૭૯, ૨૦૪, ૨૮૫ |
| ૯ | શ્રી પંચ પરમેષ્ટીની સ્તુતિ (કાવ્ય) | સં કસ્તુરચંદ હેમચંદ દેશાઇ. | ૨૯ |
| ૧૦ | મારી | વેલચંદ ધનજી | ૩૦ |
| ૧૧ | શ્રી તીર્થંકર ચરિત્ર. | મુનિરાજશ્રી દર્શન વિ. મહારાજ. | ૩૩, ૬૪, ૮૨, ૧૦૬, ૧૩૫, ૧૫૮, ૧૮૭, ૨૨૩, ૨૪૧, ૨૮૮ |
| ૧૨ | ભગવાન મહાવીર સંબંધી થોડી હકીકતો | મુનિરાજશ્રી જયંતવિજયજી મહારાજ. | ૩૭, ૬૭ |
| ૧૩ | દ્રવ્યગુણપર્યાય વિવરણ. | શંકરલાલ ડાહ્યાભાઇ કાપડીઆ. | ૪૦, ૧૬૭ |
| ૧૪ | વર્ત્તમાન સમાચાર. | | ૪૮, ૮૦, ૧૩૧, ૨૦૫, ૨૩૫, ૨૮૧ |
| ૧૫ | આત્મોપદેશ પદ ( કાવ્ય ) | ... ... ... ... | ૫૩ |
| ૧૬ | ધર્મસાગર ઉપાધ્યાય રાસ | સંગ્રા. સંશો. મોહનલાલ દલીચંદ દેશાઇ. | ૫૪, ૯૨, ૧૪૭, ૧૯૫, ૨૧૪ |
| ૧૭ | અધ્યાત્મજ્ઞાન નિરૂપણ પ્રશ્નોત્તર. | આત્મવલ્લભ | ૬૦, ૯૦, ૧૧૬, ૧૩૯, ૧૬૩ |
| ૧૮ | શ્રીમહાવીર ભગવાનના વિહારની યાદી | મુનિરાજશ્રી જયંત વિ. મહારાજ. | ૭૦, ૯૮ |
| ૧૯ | શુદ્ધદેવ ગુરૂની યોગ્ય ઉપાસના વિધિ. | મુનિરાજશ્રી કર્પૂર વિ. મહારાજ. | ૭૧ |
| ૨૦ | ચર્ચા પત્ર. | | ૮૦ |
| ૨૧ | દિવ્ય યાદ ( કાવ્ય ) | વેલચંદ ધનજી. | ૮૧ |
| ૨૨ | મંત્ર-મણી ( કાવ્ય ) | ,, | ૮૨ |
| ૨૩ | પ્રશ્નોત્તરો. | મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ. | ૮૭, ૧૧૯ |
| ૨૪ | શુદ્ધ હૃદયની ભાવના. | ,, | ૮૯ |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૨૫ ચેતનને ( કાવ્ય ) | છગનલાલ નહાનચંદ નાણાવટી. | ૧૦૫ |
| ૨૬ સૌભાગ્યપંચમી કથા. | ભોગીલાલ જેચંદ સાંડેસરા. | ૧૧૦ |
| ૨૭ ચાલતા દિક્ષા પ્રકરણ સંબંધે કંઇક | I. A. | ૧૨૭ |
| ૨૮ સુહૃદ ગોષ્ટી ( કાવ્ય ) | વેલચંદ ધનજી. | ૧૩૩ |
| ૨૯ મૈત્રી ભાવનાનો અનુક્રમે થતો વિકાસ-વિસ્તાર. | મુનિરાજશ્રી કપૂર વિ. મહારાજ. | ૧૪૩ |
| ૩૦ પ્રમાણિકપણું. | મોતીલાલ નરોત્તમ કાપડીયા. | ૧૪૫ |
| ૩૧ પુરૂષાર્થ. | ,, | ૧૪૬ |
| ૩૨ ધાર્મિક વાંચનમાળા. | | ૧૫૫ |
| ૩૩ ઇશ પ્રાર્થના ( કાવ્ય ) | ન્યાયતીર્થ મુનિ. હિંમાશુવિજયજી મહારાજ. | ૧૫૭ |
| ૩૪ આત્મિક કેળવણીનો ઉચ્ચ આદર્શ. | કસ્તુરચંદ હેમચંદ દેશાઇ. | ૧૬૯ |
| ૩૫ લોભે લક્ષણ જાય. | સં. મોતીલાલ નરોત્તમ કાપડીઆ. | ૧૭૫ |
| ૩૬ અમારી પૂર્વદેશની યાત્રા. | મુનિરાજશ્રી ન્યાયવિજયજી મહારાજ. | ૧૭૬, ૧૯૧ ૨૧૮, ૨૪૬, ૨૬૮, ૨૯૦ |
| ૩૭ અભિલાષ. ( કાવ્ય ) | સંગ્રા. મોતીલાલ નરોત્તમ કાપડીઆ. | ૧૮૧ |
| ૩૮ કેટલાક ધાતુ પ્રતિમા લેખો. | ભોગીલાલ જયચંદ સાંડેસરા. | ૧૮૨ |
| ૩૯ આ સભાની વર્તમાન સ્થિતિ. | ... ... ... ... ... | ૨૦૫ |
| ૪૦ જૂના ચક્ષુએ નવો રંગ (કાવ્ય) | વિનયકાંત કાંતિલાલ મહેતા. | ૨૧૩ |
| ૪૧ જિન સ્તવન ( કાવ્ય ) | રમણિકલાલ છગનલાલ શાહ. | ૨૧૭ |
| ૪૨ લાલચ. | મોતીલાલ નરોત્તમ કાપડીઆ. | ૨૨૧ |
| ૪૩ પૈસો. | ,, | ૨૨૨ |
| ૪૪ વીર પ્રભુના ઉપસર્ગો. | I. A. | ૨૨૭ |
| ૪૫ જૈન સમાજમાં લેવાતી કેળવણી સંબંધી ભાષણ. | | ૨૩૪ |
| ૪૬ પ્રભુ એ શક્તિ આપો. (કાવ્ય) | પી. એન. શાહ. | ૨૩૯ |
| ૪૭ પુષ્પ પૂજા ( કાવ્ય ) | વિનયકાંત કાંતિલાલ મહેતા. | ૨૪૦ |
| ૪૮ અહંકારનો ત્યાગ. | મોતીલાલ નરોત્તમ કાપડીઆ. | ૨૫૦ |
| ૪૯ આત્મબોધ. | ,, | ૨૫૧ |
| ૫૦ સમતાનો શોધક. | | ૨૫૩ |
| ૫૧ અભ્યર્થના. | વિનયકાંત કાંતિલાલ મહેતા. | ૨૫૮ |
| ૫૨ જયંતિ ( કાવ્ય ) | વેલચંદ ધનજી. | ૨૬૩ |
| ૫૩ જીવન વિકાસ. | આત્મવલ્લભ. | ૨૬૫ |
| ૫૪ વિજ્ઞપ્તિ ( કાવ્ય ) | વિનયકાંત કાંતિલાલ મહેતા. | ૨૭૨ |
| ૫૫ પાત્રદાન. | જ્ઞાનનો અભિલાષિ. | ૨૭૩ |
| ૫૬ નિંદા. | શાસ્ત્રી. | ૨૭૫ |
| ૫૭ પ્રકીર્ણ. | | ૨૭૯ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૫૮ યાચના. | વિનયકાંત કાંતિલાલ મહેતા. | ૨૮૭ |
| ૫૯ સંપત્તિ અને વિપત્તિનો સંવાદ. | શાસ્ત્રી. | ૨૯૪ |
| ૬૦ પ્રશ્નોત્તર સમસ્યાઓ. | છગનલાલ નહાનચંદ નાણાવટી. | ૩૦૬ |
| ૬૧ વિવેક પર્વત. | મુનિરાજશ્રી કપૂરવિજયજી મહારાજ. | ૩૦૭ |
| ૬૨ આત્મિક રાજ્ય પ્રાપ્તિનો ઉપાય. | ,, ,, ,, | ૩૦૮ |
| ૬૩ આત્માની ત્રણ અવસ્થાની સમજ. | સં. મોતીલાલ નરોતમ કાપડીઆ. | ૩૦૯ |




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वन्दे वीरम् ॥

औचित्यादुचितप्रवृत्तिरूपत्वात् । वृत्तयुक्तस्याणुव्रतमहाव्रतसमन्वितस्य । वचनाज्जिनप्रणीतात् । तत्त्वचिन्तनं जीवादिपदार्थसार्थपर्यालोचनम् । मैत्र्यादिसारं मैत्रीप्रमोदकरुणामाध्यस्थ्यप्रधानं सत्त्वादिषु विषयेषु । अध्यात्मं योगविशेषं । अतोऽध्यात्मात् । पापक्षयो ज्ञानावरणादि क्लिष्टकर्मप्रलयः । सत्त्वं वीर्योत्कर्षः । शीलं चित्तसमाधिः । ज्ञानं च वस्त्ववबोधरूपम् । शाश्वतमप्रतिघाति शुद्धं स्वतेजोवत् । अनुभवसंसिद्धं स्वसंवेदनप्रत्यक्षं तद्वृत्तम् । अमृतं पीयूषम् । स्फुटं भवति ।

योगबिन्दु—श्री हरिभद्रसूरि.

पुस्तक २९ } वीर सं. २४५८. आषाढ. आत्म सं. ३६. { अंक १२ मो

## યાચના.

( ખંડ સારંગ )

વીર ત્રિશલાજીના બાલ,
સિદ્ધારથ સુતેશ એ જગતાર. વીર૦
અર્પો પ્રભુ તુમપે વ્હાલ,
તવ આજ્ઞામાં સાગર સમ સાર. વીર૦
ભકતને કર્યા તેં ન્યાલ,
ઉતાર હવે અમને ભવપાર. વીર૦
કર્મનો ન અમને ખ્યાલ,
તુજ મુજ બસ એક જ આધાર. વીર૦
ઉરે વસો ચિરકાલ,
પ્રભુ વીર નિરંજન નિરાકાર. વીર૦
તુમ એક જ ભવપાલ,
કર્મ કચડીત અમને ઉગાર. વીર૦

વિનયકાંત કાંતિલાલ મહેતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અગિઆર અંગોમાં નિરૂપણ કરેલ,
# શ્રીતીર્થંકર ચરિત્ર.

( ગતાંક પૃષ્ટ ૨૪૫ થી શરૂ )

### શ્રી જ્ઞાતાસૂત્ર.

અ૦ ૧ સૂત્ર ૩.

તે ચંપાનગરીમાં કોણિક નામે રાજા હતો. વર્ણન—

૧–૪ તે કાલે તે સમયે શ્રમણભગવાન્ મહાવીરના અંતેવાસી **આર્ય-સુધર્મા** સ્થવિર, ઉત્તમ જ્ઞાતિવાળા, શ્રેષ્ઠ કુલવાળા બલ–રૂપ–વિનય–જ્ઞાન–દર્શન, ચારિત્ર તથા નમ્રતાયુકત, ઓજસ્વી, તેજસ્વી, વચસ્વી, યશસ્વી, ક્રોધ રહિત, માન-રહિત, માયારહિત, લોભરહિત, જિતેંદ્રિય, જિતનિદ્ર, જિતપરિષહ, જીવિતાશા-રહિત, મરણ, ભયમુકત તપઃપ્રધાન ગુણશ્રેષ્ઠ ક્રિયા, વ્રત, નિગ્રહ ( નિષિદ્ધત્યાગ, નિર-ચય, ઋજુતા, કોમળતા, ક્રિયાદક્ષતા, ક્ષમાગુપ્તિ, નિર્લોભતા, વિદ્યા, મંત્ર, બ્રહ્મચર્ય, વેદજ્ઞાન, નય, નિયમ, સત્ય, શૌચ, જ્ઞાનદર્શન તથા ચારિત્રમાં શ્રેષ્ઠ ઉદાર, (પ્રખર તપસ્વી) આત્મનિરપેક્ષ, કડક વ્રતવાન, ઘોર તપસ્વી, કડક બ્રહ્મચારી, દેહમમતા-રહિત, સંક્ષિપ્ત–વિપુલ, તેજોલેશ્યાવાળા, **ચૌદપૂર્વી, ચાર જ્ઞાનવાળા,** ૫૦૦ મુનિઓથી વીંટળાએલા, અનુક્રમે ચાલતા, ગામોગામ ફરતા, સુખેથી વિહાર કરતા, જ્યાં **ચંપા**નગર છે, જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય છે ત્યાં પધાર્યા. આવીને મુનિ-યોગ્ય સ્થાન મેળવી, સંયમ અને તપ વડે આત્માને ભાવતા ત્યાં રહ્યા.

અ૦૧ સૂત્ર ૭ થી ૩૧ મેઘકુમાર ચારિત્ર.

અ૦૧ સૂત્ર ૨૫ મેઘકુમારની દીક્ષા. **દીક્ષાપદ્ધતિ.**

ત્યારબાદ તે મેઘકુમારના માતા–પિતા ( રાજા શ્રેણિક અને રાણી ધારણી ) મેઘકુમારને આગળ કરીને જ્યાં શ્રમણભગવાન્ મહાવીર છે ત્યાં આવે છે. આવીને શ્રમણભગવાન્ મહાવીરને ત્રણવાર પ્રદક્ષિણા દે છે, વાંદે છે, નમે છે. વંદન–નમસ્કાર કરીને આ પ્રમાણે બોલ્યા. " હે દેવાનુપ્રિય ! આ મેઘકુમાર અમારો એકનોએક પુત્ર છે. ઇષ્ટ છે, કાંત છે, જીવનના શ્વાસરૂપ છે, હૃદયમાં આનંદ પ્રકટાવનાર છે, જે ઉંબરાના ફુલની પેઠે શ્રવણથી પણ દુર્લભ છે, તો પછી દર્શનથી તો કહેવું જ શું ? જેમ નીલોત્પલ કમલ તથા કુમુદ ( પોયણી ) ફુલ કાદવથી ઉત્પન્ન થયા છે, જલમાં વધ્યા છે; છતાં તેઓ કાદવના મેલથી લીંપાતા નથી, જળના કણીયાથી પણ લીંપાતા નથી, એ જ રીતે આ મેઘકુમાર **કામથી** ઉત્પન્ન થએલ છે, **ભોગોથી** મોટો થયો છે, છતાં **કામ-**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મળથી** લેપાયો નથી, **ભોગરજથી** લેપાયો નથી, તો હે દેવાનુપ્રિય ! આ કુમાર સંસારનાં ભયથી ઉદ્વિગ્ન બન્યો છે, જન્મ-જરા મૃત્યુથી ભય પામ્યો છે; એટલે **આપની પાસે** મૂઢ બની, ઘર છોડી, અનગારપણે **પ્રવર્જિત** થવા ઇચ્છે છે. હે દેવાનુપ્રિય ! **અમો આપને શિષ્ય-ભિક્ષા દઇએ છીએ.** હે દેવાનુપ્રિય ! અમારૂં આ શિષ્યદાન ગ્રહણ કરો."

ત્યારે શ્રમણભગવાન્ મહાવીર મેઘકુમારના માતા-પિતાએ પૂર્વોકત વચન કહ્યે છતે આ વચનોને બરાબર સાંભળે છે. ત્યારબાદ **મેઘકુમાર** શ્રમણભગવાન્ મહાવીરની પાસેથી ઇશાન કોણમાં જાય છે. જઇને **આપોઆપ** આભરણો છોડે છે, અલંકાર છોડે છે ત્યારે મેઘકુમારની માતા હંસલક્ષણ-પટશાટક વડે તે આભરણ-અલંકારોને ગ્રહણ કરે છે. ગ્રહણ કરીને હાર-જલધારા-સિંદુરા અને ત્રુટેલી મોતી-માલા સમાન આંસુઓને છોડતી છોડતી, રોતી રોતી, કાંદતી કાંદતી, વિલપતી વિલપતી આ પ્રમાણે બોલી—"હે પુત્ર ! સંયમમાં પ્રયત્નબદ્ધ રહેવું, હે પુત્ર ! અશકયને શકય બનાવવું, હે પુત્ર ! પરાક્રમી બની રહેવું, આ સંયમારાધનમાં પ્રમાદ કરવો નહીં. **અમોને પણ આજ માર્ગ મળો.**" એ પ્રમાણે કહી મેઘકુમારના માતા-પિતા શ્રમણભગવાન્ મહાવીરને વાંદે છે, નમે છે. નમીને જે તરફથી આવ્યા હતા તેજ દિશામાં ચાલ્યા ગયા.

અ૦૫ સૂત્ર પર થી ૬૧ શૈલકમુનિ, થાવચ્ચા પુત્ર, મુનિ શુકપરિવ્રાજક-ચરિત્ર, શત્રુંજયમાં મોક્ષાગમન ૫-૫૩ તે કાલે અને તે સમયે અરિહંત **અરિષ્ટ-નેમિ** ભગવાન્ હતા, જેનું વર્ણન પૂર્વોકત સ્વરૂપ પ્રમાણે-( ભગવાન્ મહાવીર-સ્વામીના વર્ણન પેઠે ) હતું. તથા દશ ધનુષ્ય ઉંચા નીલોત્પલ, ગવલગુલિકા, તથા અતસી પુષ્પ સમાન કાંતિવાલા સાથમે રહેલ ૧૮૦૦૦ સાધુઓથો વીંટા-એલા, સાથે રહેલ ૪૦૦૦૦ સાધ્વીઓથી વીંટાએલા, પૂર્વાનુપૂર્વી ચાલતા જ્યાં **દ્વારિકા**નગરી છે, જ્યાં **રૈવતક** પર્વત છે, જ્યાં નંદનવન ઉદ્યાન છે, જ્યાં સુરપ્રિય યક્ષનું યક્ષભૂવન છે, જ્યાં શ્રેષ્ઠ અશોકવૃક્ષ છે ત્યાં આવ્યા. આવીને મુનિયોગ્ય સ્થાન મેળવી સંયમ અને તપવડે આત્માને ભાવતા રહ્યા.

૫-૫૫ થાવચ્ચાપુત્રનું હજાર મુનિ સાથે શત્રુંજયમાં આગમન અને મોક્ષપ્રયાણ.

૫-૫૬ શુકપરિવ્રાજક અણગારનું ૧૦૦૦ મુનિ સાથે શત્રુંજયમાં આગ-મન, મોક્ષ.

૫-૬૧ શેલગ પ્રમુખ ૫૦૦ સાધુઓનું શત્રુંજયમાં આગમન, મોક્ષગમન.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમારી પૂર્વદેશની યાત્રા.

## ( ઐતિહાસિક દૃષ્ટિએ. )

( ગતાંક પૃષ્ટ ૨૭૨ થી શરૂ. )

### ( પાવાપુરી )

મંદિરના જીર્ણોદ્ધાર વખતે મૂળ મંદિરનો પાયો ઠેઠ નીચે સુધી તપાસવામાં આવ્યો હતો, તેમાંથી બે હજાર વર્ષની પુરાણી ઇંટો નીકળી હતી, જેનો નમુનો અત્યારે પણ બહાર રાખવામાં આવેલ છે. આ જલમંદિરનો અનેકવાર જીર્ણોદ્ધાર થયાનો ઉલ્લેખ મળે છે, પરન્તુ મૂળસ્થાન અને પાદુકા એમને એમજ છે; એટલે કે મંદિરની અંદર મૂળવેદીમાં વીરપ્રભુની જે પાદુકા છે તે અતીવ પ્રાચીન છે. નંદિવર્દ્ધન રાજાએ જ તે પાદુકાઓ ભરાવી હતી. પાદુકા બહુ પ્રાચીન હોવાથી અત્યન્ત જીર્ણ થઇ ગયેલ છે. રોજ રૂપાનું ખોળું ચઢાવે છે, કદી કદી સોનાનું ખોળું ચઢાવે છે, અને ખાસ દિવસોમાં હીરાની પાદુકાથી તેને શોભાવે છે. ત્યાં મંદિરના જીર્ણોદ્ધારક શ્વેતાંબર શેઠનો જૂનો શિલાલેખ છે, તે પણ બંધ જ રાખવામાં આવે છે. પહેલાં તો અહીંયા પાંચ[1] જીન મૂર્તિઓ હતી. અત્યારે એક મૂર્તિ બિરાજમાન છે, તેમજ બે બાજુ પ્રથમ ગણધર શ્રીગૌતમસ્વામી અને પંચમ ગણધર શ્રીસુધર્માસ્વામીની પાદુકા છે. મંદિર નાનું છતાંય રળીયામણું અને પરમ શાંતિદાયક છે. બહાર બે બાજુ બે દેરીઓ છે, તેમાં એકમાં સોળ સતીઓની પાદુકા છે અને બીજી દેરીમાં જીર્ણોદ્ધાર કરાવનાર, ઉપદેશ આપનાર, સાધુ મહાત્માની પાદુકા છે. હમણાં જે નવો જીર્ણોદ્ધાર થયેલ છે તેમાં વિશાલ આરસનો ચોતરફ પરથાર છે, પથ્થરનો કઠેરો છે અને વચમાં-ચારે ખુણામાં ચાર દેરીઓ છે. આરસની બનાવેલી તે દેરીઓ છે. નવો આરસનો દરવાજો પણ સુંદર બનેલ છે. મંદિરના જીર્ણોદ્ધાર કરાવનાર શેઠીયા ( શ્વેતાંબરી ) ના નામનું સુંદર બોર્ડ મંદિર ઉપર લગાવવામાં આવ્યું છે.

વિશાળ તળાવમાં સુંદર લાલ કમળો થાય છે, તે તેનું કમળાકર નામ સાર્થક કરે છે. સરોવરમાં મોટાં મોટાં માછલાં અને સર્પ પણ પુષ્કળ પ્રમાણમાં રહે છે. આવું અભયપ્રદ સ્થાન આ સિવાય તેમને બીજું કયાં મળે તેમ હતું ? જગતના જીવોને અભય આપનાર, અભયનો ઉપદેશ આપનાર વીરપ્રભુના અગ્નિસંસ્કારનું સ્થાન આજે પણ પુરેપુરૂં અભયપ્રદ છે.

---

૧ આ માટે આગળ ઉપર તેની નોંધ આપી છે તે જુઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસારના ત્રિવિધ તાપથી બળતા-ઝળતા માનવીને પરમશાંતિ અર્પે છે. આ તળાવના સાપ માંછલાનું ભક્ષણ નથી કરતા અને જીવો પણ માંછલાનું ભક્ષણ નથી કરતા. ડાંગેરનાં હળીયારાં ખેતરો મંદિરની ચોતરફ વીંટળાઇને સુતાં સુતાં પોતાનાં જળકણદ્વારા મન્દ હાસ્ય વેરતાં હોય તેમ બહુ જ મનોહર અને પ્રિય લાગે છે. તળાવનો પંકોદ્ધાર મુર્શિદાબાદવાસી **મહતાબકુંવર બિબિએ** (શ્વેતાંબર જૈન શ્રાવિકા) કરાવ્યો છે. જલમંદિરની સામે જમણી બાજુએ મહતાબબિબિએ બંધાવેલ સુંદર જીનમંદિર છે. મૂળ નાયક શ્રીમહાવીરસ્વામી એક બાજુ આદિનાથ પ્રભુ અને બીજી બાજુ પરમ શાંતિદાયક શ્રીશાંતિનાથ પ્રભુ બિરાજમાન છે. ઉપર ચૌમુખજી છે, ત્યાંથી પાવાપુરીનું દૃશ્ય બહુજ મનોહર લાગે છે. સામે જલમંદિર, એક બાજુ ગામમંદિર, બીજી બાજુ સમવસરણમંદિર અને ધર્મશાળાઓ આદિ બધું દેખાય છે.

પાવાપુરીમાં આસો વદી ०)) **દિવાળી ઉપર મોટો મેળો ભરાય છે.** હજારો ભાવિક આત્માઓ ભાવઉદ્યોતનું સ્મરણ કરી કૃતકૃત્ય થાય છે. જલમંદિરમાં તે રાત્રે અદ્દભૂત વાતાવરણ જામે છે, તેમાંય જલમંદિરમાં બિરાજમાન વીરપ્રભુની પાદુકા ઉપરનું છત્ર બરાબર પ્રભુના નિર્વાણ સમયે જ આપોઆપ હાલે છે. જાણે કોઇ અદૃશ્ય શક્તિસંપન્ન તેને હલાવતું હોય તેટલા જોરથી હાલે છે. ગયે વર્ષે તો ૫ થી ૭ મીનીટ સુધી છત્ર ફરતું જ-હાલતું રહ્યું હતું આ. વાત તદ્દન સત્ય જ લાગે છે. તદ્દન સુધારક વિચારના એક મહાનુભાવે જ્યારે આ દૃશ્ય જોયું ત્યારે તેમના હૃદયમાં પણ સ્વાભાવિક ભક્તિ અને પ્રેરણા સ્ફૂરી અને તેમણે કહ્યું કે મેં આ વાત સાંભળી હતી, પરન્તુ હું માત્ર તેને શ્રદ્ધાળુઓની વાત છે એમ કહી હસી કહાડતો; કિન્તુ નજરે જોયા પછી એમ લાગે છે કે તે વાત તદ્દન સત્ય છે. આખી રાત જાગરણ કરી તે દૃશ્ય જોવા પ્રભુની સામે જ બેઠો હતો, પરન્તુ આપણે શ્વેતાંબરો જે ટાઇમે પ્રભુનું નિર્વાણ માનીએ છીએ તે જ સમયે છત્ર ફરે છે. મેળા પ્રસંગે અજીમગંજનિવાસી બાબુજી નવલખાજી શ્રીયુત નિર્મલકુમારસિંહજી અહીં આવી શ્રીસંઘની સારી રીતે ભક્તિ કરે છે. મંદિરોની દેખરેખ પણ તેઓ રાખે છે. મેળા પ્રસંગે બાબુ ધન્નુલાલજી અને તેમના કુટુંબની સેવા પણ બહુ જ પ્રશંસનીય છે, તેમજ પાવાપુરીની વ્યવસ્થાપિકા શ્વેતાંબર પેઢીનો વાર્ષિક રીપોર્ટ વિગતવાર કહી સંભળાવી આવક તથા જાવક બતાવી, જે વસ્તુની જરૂરીઆત હોય તે માટે અપીલ કરે છે. તળાવને ફરતી ચોતરફ વિશાળ પાજ છે-મોટો રસ્તો છે તેમાંથી રથયાત્રાનું ઝુલુસ-સ્વારી પસાર થાય છે. આ રસ્તો પણ શ્વેતાંબર પેઢીના કબજામાં છે. બાબુ ધન્નુલાલજી વચ્ચે વિસામા અને ઘાટ બંધાવી રસ્તો મજબુત કરી યાત્રુઓને વધારે અનુકૂળતા થાય તે માટે સ્કીમ ઘડી રહ્યા છે. તળાવનો રસ્તો મૂકી બાજુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પર દિગંબર જૈન મંદિર અને ધર્મશાળા તેમજ દવાખાનું તથા શ્વેતાંબરો તરફથી ચાલતું વૈદ્યાલય અને દાનશાળા છે. તળાવને એક કાંઠે જ અજીમગંજવાસિ બાબુ કાલિદાસજી દુગડ (શ્વેતાંબરી શ્રાવક) ની સુંદર ધર્મશાળા છે. આ સિવાય ૫-૬ ધર્મશાળાઓ પણ છે. અહીંના મંદિરો અને ધર્મશાળાની વ્યવસ્થા શ્વેતાંબર પેઢીના મેનેજર બાબુ ધન્નુલાલજી સુચન્તિ અને તેમના ભાઇઓ રાખે છે. તેમની તીર્થ પાછળની મહેનત અને ભક્તિ પ્રશંસનીય છે. શ્વેતાંબરોને પોતાના વડીલ બન્ધુનું માન આપનાર દિગંબર બન્ધુઓ અવારનવાર સત્તા માટે માગણી કરી, અવારનવાર ડખલગિરી કરે છે. હમણાં હમણાં તેમનો સત્તાનો શોખ વધવા માંડયો છે, તે એટલે સુધી કે દરેક શ્વેતાંબર તીર્થને દિગંબર બનાવવા અને તેમાં ન ફાવીએ તો લઢી ઝઘડી, કોર્ટમાં હજારો લાખોનો ધુમાડો કરી, અર્ધો હિસ્સો તો જરૂર પડાવવો અને પડાવવો જ. તેમની આ અયોગ્ય પ્રવૃત્તિનું શું પરિણામ આવશે તે તો ભાવિ ઇતિહાસકાર આલેખશે, પરન્તુ હું તો કહું છું કે આમાં લગારે લાભ કે ફાયદો નથી. પાવાપુરીમાં દિગંબરોએ શ્વેતાંબરો સામે સાત સાત વાર કેસ માંડ્યા અને બધામાં તેમનો પરાભવ થયો તેમની અયોગ્ય માંગણીઓ નામંજુર રહી છતાંય તેમને શાંતિ પકડવાની સદ્‌બુદ્ધિ નથી આવતી તે પણ આશ્ચર્ય છેને? જો કે આમાં આખી દિગંબર સમાજનો દોષ નથી, તેમાં બધા સમ્મત પણ નથી એમ મને ભાર દઇને કહેવામાં આવ્યું છે. બધો દોષનો ટોપલો દિગંબર તીર્થરક્ષક કમિટી (એક દિગંબરભાઇના શબ્દોમાં કહું તો સમાજની સત્યાનાશી ઝઘડાળુ કમિટી) અને તેના અમુક ધનસંપન્ન વ્યવસ્થાપકોને માથે જ મઢવામાં આવે છે. તેમાંય ખાસ કરીને ઇન્દોરવાસી એક ગૃહસ્થ....તથા બેરીસ્ટર....મહોદયનું નામ પ્રથમ આવે છે. તે મહાનુભાવ જેમ જેમ લક્ષ્મીસંપન્ન થતા ગયા તેમ તેમ તેમની રાહુદૃષ્ટિ શ્વેતાંબર તીર્થો ઉપર વધારે ક્રૂરતાથી પડવા માંડી છે. તીર્થને નામે લાખો રૂપિયા એકઠા કરાવી, પોતાની લાગવગ વાપરી સમાજમાં ઝઘડાની ઝડ નાંખતા જાય છે. નહિં તો આજથી પચાસ વર્ષ પહેલાં આવા ઝઘડાનું નામનિશાન ન્હોતું. દરેક તીર્થોની વ્યવસ્થા શ્વેતાંબર પેઢી અને તેમના મેનેજરો રાખતા; તથા દિગંબર ભાઇઓને પણ આત્મકલ્યાણના માર્ગનો લાભ પ્રેમથી લેવા દેતા હતા. શ્વેતાંબરોને પોતાના વડીલ બન્ધુ માની તેમનું સન્માન અને સત્કાર કરતા હતા આજે નથી એ ધર્મબન્ધુભાવના કે નથી મૈત્રીભાવના, બદલામાં વૈમનસ્ય અને અવિશ્વાસ વધતાં જાય છે. મહાનુભાવો! રાગદ્વેષ જીતવાનાં એ તીર્થસ્થાનોમાં રાગદ્વેષ વધે તેવું ન કરો, તેમાં આત્મહિત કે સ્વકલ્યાણ નથી. શાસનદેવ તેમને સદ્‌બુદ્ધિ અર્પે અને સમાજમાં પડતી ફૂટને જોડવાનું બળ અર્પે એ જ શુભેચ્છા. આજે જ્યારે આખું હિન્દ ભ્રાતૃભાવની સાંકળે ગુંથાવા તત્પર બન્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, ત્યારે દિગંબર સમાજના એ ધનસંપન્ન અગ્રેસરો ઐકયતાની સાંકળના અંકોડા તોડી સમાજશકિતનો હ્રાસ કરી રહ્યા છે. કોર્ટોમાં ખર્ચાતા એ રૂપિયા શાસનના ઉદય અર્થે, શાસનના અનુયાયીઓની ઉન્નતિ અર્થે વાપરી શાસન-સુભટ બનો, વ્યર્થ ઝઘડા અને લક્ષ્મીના દુર્વ્યયને અટકાવો, પોતાના જ ભાઇઓ સામે લઢવાથી કોનું કલ્યાણ થયું છે? આ તટસ્થ અને હિતબુદ્ધિએ આપેલી સૂચનાનો દરેક સદુપયોગ કરે એમ ઇચ્છું છું. અન્તમાં તીર્થરક્ષક શ્રીયુત ધન્નુલાલજી સુચન્તિ, તેમના લઘુ બન્ધુ લક્ષ્મીચંદજી તથા તેમના બીજા સહાયકોને ગમે તેવા વિઘ્ન સમયે પણ ઉભા રહી તીર્થ સાચવી રહ્યા છે તે બદલ ધન્યવાદ ઘટે છે.

પાવાપુરીની મહત્તાસૂચક નીચેના પ્રાચીન પદ્યો ખાસ મનનીય છે. જલમંદિરમાં કેટલી મૂર્તિઓ હતી તે આજથી ત્રણસો વર્ષ પહેલાં યાત્રાએ આવેલ વિદ્વાન્ જૈનસાધુ શું લખે છે તે પણ જુઓ.

" કનક કમલ પરિઠય તઉ પાય પાવાપુરિ આવઇ જીણરાય. ૭૨
ઇન્દ્રભૂતિ પ્રમુષ ઇગ્યાર યજ્ઞકર્મ કરઇ તેણીવાર;
સઇ ચોમાલીસ બ્રાહ્મણ મિલ્યા મિથ્યામતિ મોહઇ ઝલહલ્યા. ૭૩
મન અભિમાન ધરી આવી આ નામ લેઇ જીન બોલાવીયા;
મન સંસઇ ટાલઇ જીનવરૂ દેઇ દિક્ષા થાપ્યા ગણધરૂ. ૭૪
સંઘ ચતુર્વિધ થાપી તામ વિચરઇ દેસન ચરપુર ગ્રામ;
ભવિકજીવ પ્રતિબોધિ કરી અનુક્રમઇ આવઇ પાવાપુરી. ૭૫
જીવિત વરસ બહુત્તરી જાણ પુણ્ય પાપ ફલ કહઇ સુજાણ;
પધાન અધ્યયન મનિભાવઇ ધીર મુગતિ પહોંતા શ્રી મહાવીર. ૭૬
ગૌતમસ્વામિ કેવલ વરઇ ચોસઠી ઇન્દ્ર મહોચ્છવ કરઇ;
સંઘ ચતુર્વિધ હર્ષ અપાર જગમાં વર્ત્યો જયજયકાર. ૭૭
વીર જીણેસર ગણધરવાદ પૂજી પગલાં તિહાં પ્રાસાદ;
મુગતિ પહોંતા જીહાં જીન વલી પૂજી જઇ પગલાં નિરમલી. ૭૮
સરોવરમાંહિ સુદ્ધ વિહાર જાણે ભવિઅણનો આધાર;
**જીન પ્રતિમા [1] પંચ પગલાં હવે** પૂજી પ્રણમી કીજઇ સેવ. ૭૯

( જયવિજયવિરચિત સમ્મેતશિખર તીર્થમાલા પૃ. ૩૧ )

૧ આજથી ત્રણસો વર્ષ પહેલાં આવેલ વિદ્વાન્ જૈનસાધુ અહીં જલમંદિરમાં પાંચ પ્રતિમાજી હોવાનું લખે છે. હાલમાં એક પ્રતિમાજી છે તેને હટાવવા માટે દિગંબર ભાઇઓએ શ્વેતાંબરોને નાહકના હેરાન કરવા કેસ માંડેલ છે. તેઓ આ ઐતિહાસિક પુરાવા તરફ ધ્યાન આપી કંઇક બોધ લ્યે તો સારૂં. નકામા કોર્ટમાં પૈસા ખર્ચવાથી કાંઇ લાભ નથી. તેમાં બન્ને પક્ષને હાનિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સંપત્તિ અને વિપત્તિનો સંવાદ.

વિવિધ પ્રકારની શોભાને ધારણ કરતી, પ્રભાવ ભરેલા પ્રકાશથી પ્રકાશમાન થતી, અને તીવ્ર તેજના ઉલ્લાસથી આશ્રિતોને આંજી નાંખતી એક સુંદરી પશ્ચિમદિશાના પ્રદેશમાં ઉભી હતી. તેણીના મુખચંદ્રની પ્રભા આસપાસ પ્રસરી રહી હતી. તેની પાસે ઉભેલી ચાર સુંદર યુવતીઓ તેણીની ખુશામત કરતી હતી. તેઓમાંથી એકના હાથમાં રત્નજડિત સુવર્ણનો કલશ હતો, બીજીના હાથમાં પૂર્ણચંદ્રના જેવું તેજસ્વી છત્ર હતું, ત્રીજીના હાથમાં રક્તવર્ણથી સુશોભિત કુંકુમપાત્ર હતું અને ચોથીના હાથમાં મનોહર પુષ્પોની માળા હતી.

આ સમયે પૂર્વ દિશામાંથી એક બીજી યુવતી આવતી હતી. તેના શરીરનો વર્ણ શ્યામ હતો, તેણીનું શરીર પુષ્ટ દેખાતું હતું, પણ તે પુષ્ટિ સોજા ચડવાથી થયેલી હતી. તેણીની સાથે અદ્દભૂતવેષને ધારણ કરનારા ત્રણ પુરૂષો ચાલતા હતા. તે પુરૂષોમાંના એક પુરૂષના હાથમાં ખડ્ગ હતું, બીજા પુરૂષના હાથમાં પાશ હતો, અને ત્રીજા પુરૂષના હાથમાં માંખણનો પિંડ હતો. આ ત્રણ પુરૂષોની ઇચ્છા પ્રમાણે તે સ્ત્રી વર્ત્તતી હોય તેમ દેખાતું હતું; કારણ કે તે પુરૂષો ચાલવાનો જે માર્ગ બતાવતા તે માર્ગે તે સ્ત્રી પ્રસન્ન થઇને ચાલતી હતી.

પૂર્વ દિશામાંથી ચાલી આવતી આ યુવતી જે સ્ત્રી પશ્ચિમ દિશામાં ઉભી હતી, તેની સામે આવી ઉભી રહી. તેણીને જોતાં જ પશ્ચિમની પ્રમદાએ પોતાની ચાર સખીઓની સાથે હાસ્ય કરવા માંડયું. તેણીને હાસ્ય કરતી જોઇ તે યુવતી આશ્ચર્ય પામીને બોલી " ભદ્રે, કેમ હાસ્ય કરે છે ? તું કોણ છે ? સૌંદર્યના મદથી મત્ત થયેલી તારા જેવી સ્ત્રીને વિદ્વાનો ધિક્કારે છે !

તેણીએ ઉદ્ધતાઇથી ઉત્તર આપ્યો. " અરે કંગાળ ! તું કોણ છે ?

---

કવિ હંસસોમ પાવાપુરીના જલમંદિરમાં બે થુભ હતા તેમ લખે છે જુઓ.

**દોઇથુભ** સોહામણા એટા લઈ મન અસમાહિ;
પાસ જીણેસર ગાયસ્યું નિરમાલડીએ જલ સરોવરમાહિ મણો ૨૨

પાવાપુરીની પોષ્ટ ઓફીસ **ગીરીયક** છે અને તાર ઓફીસ બિહારમાં છે. ગૃહસ્થોને આવવા માટે પટણાથી બખ્તીયારપુર લાઇનમાં બિહાર સ્ટેશન છે. બિહારથી ૮ માઇલ પાવાપુરી છે, તેમજ ગયાથી નવાદા થઇ કયુલ જતી લાઇનમાં નવાદા સ્ટેશન પણ ઠીક છે. અહીંથી ગુણાયાજીનાં દર્શન પૂજન કરી મોટર રસ્તે પાવાપુરી જવાય છે. કુલ ૧૪ માઇલનું અંતર છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારામાં સૌંદર્ય છે, એટલે હું શામાટે મત્ત ન બનું ? જો તારામાં સૌંદર્ય હતે તો તું પણ મત્ત બનતે. તારી દીન અને કુરૂપી આકૃતિ જોવાથી મને હાસ્ય થયું છે ! તું મારો પ્રભાવ જાણતી નથી, એટલે તને શી ખબર પડે ? ”

“ માટે જ તને ઓળખવાની મારી ઇચ્છા છે. તું કોણ છે અને કયાં રહે છે ? ” શ્યામાએ અવગણના કરી ઉત્તર આપ્યો.

“ હું સંપત્તિ છું. મારૂં નામ આ દુનિયામાં પ્રખ્યાત છે. વિશ્વની સમગ્ર પ્રજા મારી ચાહના રાખે છે. એવો કોઇપણ પુરૂષ નથી કે જે મને નહીં ચાહતો હોય. મારી સંપત્તિની મહત્તા તારા જેવી કંગાળ કાંતા શી રીતે જાણી શકે ? ” મદ ભરેલા વચનોથી તેણીએ જણાવ્યું.

“ તેં મને કંગાળ શી રીતે જાણી ? હું કાંઇ તારાથી ઉતરતી નથી. જેવી રીતે આ દુનિયાના ઘણા લોકો તને ચાહે છે, તેવી રીતે આ દુનિયાના કેટલાએક લોકો મને પણ ચાહે છે. ” ક્રોધના આવેશથી તેણીએ સામું કહ્યું.

“ અરે તું કોણ છે ? તારા જેવી કુરૂપાને ચાહનાર કોણ છે ? તારૂં નામ અને ઠામ જાણવાની મારી ઇચ્છા છે.” સંપત્તિએ આતુરતાથી જિજ્ઞાસા પ્રગટ કરી.

“ મારૂં નામ **વિપત્તિ** છે. હું આ વિશ્વમાં સર્વ સ્થલે વ્યાપક છું. કોઇ પણ એવો દેશ કે સ્થાન નથી કે જેમાં મારો વાસ નહીં હોય. ” વિપત્તિએ ગર્વ દર્શાવતાં કહ્યું.

“ આ વિશ્વમાં તારી વ્યાપકતા હશે, પણ તેથી કાંઇ તું ઇચ્છવા લાયક નથી. કોઇ પણ બુદ્ધિમાન્ પુરૂષ તને ચાહતો નથી. સર્વ જનો તને ધિક્કાર આપનારા છે. આ જગત્‌માં જો કોઇ પણ અધમ ગણાતું હોય તો તું પોતે જ છે. ” સંપત્તિએ તિરસ્કારપૂર્વક જણાવ્યું.

“ અરે સૌંદર્યના ગર્વથી ગાજનારી સંપત્તિ ! હું ગમે તેવી છું, પણ જ્યાં મારો વાસ થાય છે, ત્યાં મનુષ્યની મનોવૃત્તિ ધાર્મિકભાવને ધારણ કરે છે; એ તો નક્કી જ છે, અને જ્યાં તારો વાસ થાય છે, ત્યાં લોકોની મનોવૃત્તિમાં અનેક જાતના દુર્ગુણો પ્રવેશ કરે છે. ” વિપત્તિએ પોતાનો ઉત્કર્ષ દર્શાવતાં જણાવ્યું.

“ અરે અભદ્રરૂપે ! જ્યાં તારો વાસ હોય છે, ત્યાં મનોવૃત્તિ ધાર્મિક-ભાવને ધારણ કરે છે, એ વાત મારા માનવામાં આવતી નથી; કારણ કે જો તારો યોગ થઇ આવ્યો તો પછી હૃદયમાં અશાંતિ ઉત્પન્ન થાય છે, અને જ્યાં હૃદયમાં અશાંતિ હોય ત્યાં ધાર્મિકભાવ હોઇ શકે જ નહીં. અને જ્યાં મારો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાસ થાય છે, ત્યાં દુર્ગુણો પ્રવેશ કરે છે, એ વાત પણ તદ્દન અસંભવિત છે, કારણ કે સંપત્તિના યોગથી હૃદય શાંતિ મેળવે છે અને અનેક જાતનો આનંદ અનુભવાય છે.” સંપત્તિએ પોતાનો પક્ષ સિદ્ધ કરવા જણાવ્યું.

“અરે ઉન્મત્તે! તને મારા સ્વરૂપની ખબર જ નથી. જ્યાં હું વિપત્તિ રહું છું, ત્યાં માણસને ધર્મ, વૈરાગ્ય વગેરે સદ્ગુણોનું સ્મરણ થઇ આવે છે. તેને માટે કહેવત છે કે “દુઃખે સાંભરે રામ અને સુખે સાંભરે સોની” તેમ વળી કેટલાએક વિદ્વાનો પણ કહે છે કે, “विपदः संतु नः शश्वद् यासु संकीर्त्यते प्रभुः” “અમોને હંમેશા વિપત્તિઓ હજો કે જેથી અમો વિપત્તિઓમાં પ્રભુનું કીર્ત્તન કરીએ” આ ઉપરથી તને સમજાશે કે ઘણા ઉત્તમ પુરૂષો મને પસંદ કરે છે, અને જ્યાં મારો વાસ થાય છે, ત્યાં પ્રભુભક્તિ અને ધર્મ વૈરાગ્ય વિશેષ આચરવામાં આવે છે.” વિપત્તિએ પોતાની મહત્તા દર્શાવતાં કહ્યું.

“ત્યારે શું હું જગતમાં નકામી છું? મારો અદ્ભુત મહિમા તારા જાણવામાં જ નથી? કદિ કોઇ કંટાળી ગયેલા પુરૂષો તારા યોગમાં ધર્મ કે પ્રભુકીર્ત્તન કરતાં હશે, પણ તેથી શું મારો મહિમા ઘટી ગયો? આ સર્વ વિશ્વ સંપત્તિનું જ સાથી છે, અને આ જગતમાં મોટામાં મોટા કાર્યો મારાથી જ સાધ્ય થઇ જાય છે. મારા સિવાય કદિપણ મહત્તાનું દર્શન થતું નથી.” સંપત્તિએ આત્મશ્લાઘાપૂર્વક જણાવ્યું.

“અરે! આત્મશ્લાઘા કરનારી અબળા, તારા યોગથી જગત્માં કેવું વિપરીત બને છે? તેનો વિચાર કર. અનેક જાતના છલ-કપટ, પ્રપંચ, શઠતા અને નીચતા તારે માટે જ ઉત્પન્ન થાય છે. તારા સહવાસના વિપરીત પરિણામો જોઇને જ મોટા મોટા ચક્રવર્ત્તીઓ, રાજાઓ અને શ્રીમંતો તારો ત્યાગ કરી વનમાં ચાલ્યા ગયા છે, અને પુનઃ તારો સંગ ન થાય, તેને માટે અનેક જાતના ઉપાયો યોજે છે; એટલુંજ નહીં પણ તને અતિ તિરસ્કારની દૃષ્ટિએ જુવે છે.” વિપત્તિએ તિરસ્કાર દર્શાવતાં કહ્યું.

“અરે નિંદાપ્રિયે! બસ કર, તારી કઠોર વાણીનો પ્રવાહ બંધ કર. મારા હૃદયમાં ભારે ક્રોધ વ્યાપી ગયો છે. તું અહિંથી સત્વર ચાલી જા. તારૂં દીન મુખ બતાવ નહીં. સંપત્તિની પાસે વિપત્તિ હોય જ નહીં.” સંપત્તિએ તિરસ્કારના શબ્દો ઉચ્ચાર્યા.

“અધમે! હું તારી પાસે રહેવા માગતી નથી. તારાથી તો દૂર જ રહેવું સારૂં છે, તોપણ એટલું યાદ રાખજે કે હું તારાથી ડરૂં તેમ નથી. તું એકલીથી મારૂં કાંઇ પણ થઇ શકે તેમ નથી. જ્યાં મારો વાસ થયો ત્યાં તું ક્ષણવાર પણ ટકી શકીશ નહીં.” વિપત્તિએ સામો તિરસ્કાર કરી કહ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" દુર્ભગે ! હું એકલી નથી. મારી સાથે આ ચાર સહચારિણીઓ છે. તેમના **અભિમાનિતા, સ્વચ્છંદતા, અજ્ઞાનતા** અને **પ્રમત્તતા** એવા નામ છે. જ્યાં હું જાઉં છું, ત્યાં તે ચારે સહીઅરો સાથે રહે છે. તેઓ કદિપણ મારો પરાભવ કરવા દેતી નથી. જો તું મારી ઉપર ધસારો કરીશ તો આ મારી પ્રિય સખીઓ તને મારીને કાઢી મૂકશે. " સંપત્તિએ પોતાની પ્રબળતા દર્શાવી.

" ગર્વધારિણિ ! હું પણ એકલી નથી. આ મારી સાથે ત્રણ વીર પુરૂષો છે. તેઓ **પ્રમાદ, ચાડુકાર** અને **અધર્મ** એવા નામથી પ્રખ્યાત છે. આ ત્રિપુરૂષના યોગથી હું જગત્‌માં વિજય મેળવું છું. તારી સાથે સ્ત્રી જાતિનું બળ છે, તો મારી સાથે પુરૂષ જાતિનું બલ છે, તેથી હું તારાથી વિશેષ બલવતી છું. " વિપત્તિએ પોતાના પક્ષની પ્રબલતા દર્શાવતાં ઉત્તર આપ્યો.

વિપત્તિના ગર્વ ભરેલા વચનો સાંભળી સંપત્તિએ જણાવ્યું. " હે અવિચારિણી ! તું પુરૂષજાતિના બળથી બલવતી થાય છે, પણ એ બળ તારા ચરિત્રને દૂષિત કરનારૂં છે; કારણ કે, પુરૂષોની સહચારિણી સ્ત્રી વ્યભિચારિણી કહેવાય છે. તું એ વ્યભિચાર દોષને લઇને મારાથી ઉતરતી છે. તારી સાથે ભાષણ કરવું એ પણ દોષ આપનારૂં છે; તો પછી તારો સત્સંગ કેવો દૂષિત ગણાય ? "

" અરે ! ગર્વના ગૌરવને વધારનારી વનિતા, તું મને વ્યભિચારિણી કહે છે, પણ તારા જેવો વ્યભિચાર મારામાં નથી. આ જગત્ ઉપર તારો વ્યભિચાર પ્રખ્યાત છે. પ્રથમ તો તું ચપળા કહેવાય છે. તારી સ્થિરતા કોઇપણ સ્થળે જોવામાં આવતી નથી. તું હંમેશા નવા નવા પુરૂષને ભજે છે. એક પુરૂષનો આશ્રય કરતી જ નથી, તેથી ખરેખરી વ્યભિચારિણી તું પોતે જ છે. તારી વ્યભિચારવૃત્તિ જગતના મહાપુરૂષોએ સાબીત કરી છે. " વિપત્તિએ ક્રોધના આવેશથી કહ્યું.

" તું શામાટે આ પુરૂષોનો પ્રસંગ રાખે છે ? પુરૂષનો પ્રસંગ સ્ત્રીને કલંકિત કરનારો છે, એ વાત જગપ્રસિદ્ધ છે." સંપત્તિએ જિજ્ઞાસાથી પ્રશ્ન કર્યો.

" અરે ઇર્ષ્યાળુ સંપત્તિ ! આ ત્રણ પુરૂષો મારા ચિરકાળના સહવાસી છે, તેમજ મારા પરમ ઉપકારી છે, તેમને લઇને જ મારો પ્રભાવ વધે છે. જ્યાં તેમનો વાસ હોય ત્યાં જ મારો વાસ થાય છે. ઉપકારી પુરૂષોના સહવાસથી કલંક લાગે તો પણ સ્ત્રી જાતિએ તેની દરકાર ન કરવી જોઇએ. " વિપત્તિએ હૃદયની સત્યતા દર્શાવતાં જણાવ્યું.

" અરે દોષાચ્છાદિકે ! તારા વચનમાં સર્વાંશે સત્યતા હોય એમ જણાતું નથી. આકૃતિ ઉપરથી જ આ પુરૂષો ઉપકારી દેખાતા નથી, તે છતાં મારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાણવાની ઇચ્છા છે કે, આ પુરૂષો તારો શો ઉપકાર કરે છે ? ” સંપત્તિએ વિશેષ ખુલાસો મેળવવા પુનઃ પ્રશ્ન કર્યો.

“ તારો સ્વભાવ છિદ્રશોધક લાગે છે, છતાં હું આ પુરૂષોના ઉપકારી પરાક્રમો કહેવાની ઇચ્છા રાખું છું, તે સાંભળ. ” વિપત્તિએ પોતાની સત્ય હકીકત કહેવાની ઇચ્છાથી જણાવ્યું.

“ જે આ હાથમાં ખડ્ગ ધારણ કરી રહેલો છે, તે મારો સહાયક વીર **અધર્મ** છે. સાંપ્રતકાળે આ વિશ્વ ઉપર તે મહાન્ વિજય મેળવે છે. જગત્‌માં દેખાતી મનુષ્યોની ઉન્નતિને આ વીર ક્ષણવારમાં તોડી પાડે છે. આ તેનું તીક્ષ્ણ ખડ્ગ અપ્રતિહત શક્તિવાળું છે. નિર્દયતા, દુરાચાર, અન્યાય, ઘાતકીપણું અને ભ્રષ્ટતા સાધનારી અદ્‌ભુત શક્તિઓ તેના ખડ્ગમાં રહેલી છે. આ વીરની શક્તિને લીધે જ કલિકાળ અને પાંચમા આરાનો પ્રભાવ ટકી રહે છે. આ વીરનો મને મોટો આશ્રય છે. જ્યાં તેનો પ્રવેશ થયો ત્યાં કોઇપણ રીતે મારો વાસ થયા વિના રહેતો નથી. અધર્મની સહાયથી હું વિપત્તિ વિશ્વ ઉપર અનેક વિલાસો કરૂં છું. ” ઉત્સાહના આવેશથી વિપત્તિએ અધર્મવીરનું પરાક્રમ કહી બતાવ્યું.

“ અરે ધિક્કારવા યોગ્ય વિપત્તિ ! આ તારા અધર્મ વીરના પરાક્રમો સાંભળી મારા હૃદયમાં અતિશય ખેદ થાય છે. વિશ્વને વિપરીત દશામાં લાવનાર આ અધર્મનું મુખ પણ જોવું યોગ્ય નથી. તારા જેવી અધમ અબળા જ તેનો આશ્રય લે. બીજી કોઇપણ સ્ત્રી આ ઘાતકી પુરૂષની પાસે ક્ષણવાર ટકે નહીં. ” સંપત્તિએ તિરસ્કાર દર્શાવતાં કહ્યું.

“ અરે ઇર્ષ્યાથી દગ્ધ થયેલી દયિતા ! મારા આ વીર પુરૂષની નિંદા તું શામાટે કરે છે ? તારા વચનો મારા ઉત્કર્ષની ઇર્ષ્યાથી જ ભરેલા છે. જ્યારે તું આ મારા બીજા વીરનું પરાક્રમ સાંભળીશ ત્યારે હૃદયમાં વધારે બળીશ.” વિપત્તિએ સામો તિરસ્કાર બતાવી જણાવ્યું.

“ પ્રમદે ! સાંભળ. આ બીજો પુરૂષ કે જેના હાથમાં પાશ રહેલો છે, તે મારો પૂર્ણ સહાયક **પ્રમાદ**વીર છે. તેના પાશની અંદર અદ્‌ભુત શકિત રહેલી છે. જે પુરૂષો કે સ્ત્રીઓ તેના પાશમાં સપડાય છે, તેઓ તેને આધીન થઇ જાય છે, અને સર્વ પ્રકારે તેની આજ્ઞામાં વર્તે છે. આ વિશ્વ ઉપર પ્રમાદ વીરની મોટી સત્તા ચાલે છે. વળી આ વીરમાં એક મોટો ગુણ રહેલો છે કે જે આ જગત્‌માં સારી રીતે વખણાય છે. એ છે કે, આ વીરના પાશમાં આવેલા મનુષ્યો સદા સુખે રહી શકે છે. તેના મગજ ઉપર કોઇ જાતનો બોજો આવતો નથી. તેઓ સતત્ નિદ્રાનો આનંદ લીધા કરે છે. તેમ વળી તેઓ કોઇની દરકાર રાખતા નથી. આ પ્રમાદના સેવકો સુખના સાધનોનો સદુપયોગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી શકે છે. આ મારા પ્રિય વીરની મને મોટી સહાય છે. હું આ વિશ્વ ઉપર તેની જ સહચારિણી થઇ ફરૂં છું. આ પ્રમાદના પ્રભાવમાં જ હું આ વિપત્તિ સદા વિનોદ કર્યા કરૂં છું." અંતરમાં ઉત્સાહ લાવી વિપત્તિએ પ્રમાદવીરની પ્રશંસા કહી બતાવી.

" અરે દુર્ગુણી દારા ! આ તારા પ્રશંસાના શબ્દો મારા કાનમાં કઠોર લાગે છે. જેના તું આવા વખાણ કરે છે, તે પ્રમાદે જ આ દુનિઆની આબાદીનો નાશ કરેલો છે. ભારતની ભવ્યતાનો ભંગ પ્રમાદથી જ થયેલો છે, તેથી પૂર્વના વિદ્વાનો પ્રમાદનો પ્રલય કરવાનો જ પ્રતિબોધ આપે છે. તેને માનવ શરીરનો મહાન્ રિપુ જણાવે છે. ઉદ્યોગી અને અભ્યાસીઓ તારા આ પ્રમાદનું નામ સાંભળતાં જ કંપી ચાલે છે. હવે એ અધમની પ્રશંસા વિશેષ સાંભળવાની મારી ઇચ્છા નથી. " સંપત્તિએ આ પ્રમાણે અનાદરના ઉદ્ગારો ઉચ્ચાર્યા.

" અરે દ્વેષિણી, સાંભળ, આ મારા ત્રીજા ચાટુકાર વીરના પરાક્રમો હું કહી બતાવું છું કારણ તારા ઇર્ષ્યાના અગ્નિને વિશેષ પ્રજવલિત કરવાની મારી ઇચ્છા છે. " વિપત્તિએ દુરાગ્રહથી પોતાની ધારણા પ્રદર્શિત કરતાં કહ્યું.

" હે પરોત્કર્ષને અસહન કરનારી અબળા, સાંભળ—આ મારા ત્રીજા ચાટુકાર વીરનું પરાક્રમ સાંભળવા જેવું છે. આ વીરના હાથમાં જે માખણનો પિંડ છે, તે તેના અનુપમ માધુર્યને જણાવી આપે છે. આ વીર ચાટુકાર ખુશામતીઆ અને માખણદાસના નામથી પ્રખ્યાત છે. આ વિશ્વના તમામ મનુષ્યો આ વીરને સદા ચાહે છે અને તેના મનોહર માધુર્ય ઉપર મોહિત થઈ જાય છે. વધારે શું કહું, આ વીરને તો દેવતાઓ પણ પસંદ કરે છે. ખુશામતની શીતળ છાયામાં બેસવાને સર્વ કોઇને ઇચ્છા થયા વિના રહેતી નથી. ઘણે ભાગે તારે પણ તેના તાબામાં આવવું પડે છે. " વિપત્તિએ આક્ષેપથી જણાવ્યું.

" અરે મદધારિણી ! આ તારા વીરને હું સારી રીતે ઓળખું છું. કોઇકોઈ વાર મારે તેના આશ્રમમાં જવું પડે છે, એ વાત સત્ય છે, પણ હું હૃદયથી તેને ચાહતી નથી, અને તેના નઠારા આશ્રય નીચે લાંબો વખત ટકતી નથી; કારણ કે, તે આ તારો વીર વિશ્વના અજ્ઞાન લોકોનો અધઃપાત કરનારો છે. તે લોકોને ફુલાવી મૂર્ખ બનાવે છે અને વિપરીત માર્ગે દોરી જાય છે. જેઓ કેળવાએલા અને સારાસારનો વિવેક જાણનારા છે, તેઓ આ તારા ચાટુકાર ( ખુશામતીયા ) વીરની છાયામાં પણ આવતા નથી, અને તેનાથી દૂર નાશી જાય છે. " સંપત્તિએ પૂરી રીતે દોષદર્શન કરાવ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" પરની ઉન્નતિ જોઇ ઉદ્વેગ ધરનારી હે ચપળે ! તને વધારે શું કહેવું ? દ્વેષ અને ઇર્ષ્યાથી મલિન થયેલી તારી બુદ્ધિમાં મારા આ ત્રણ વીરોના પરાક્રમોનો સત્ય પ્રકાશ પડવાનો જ નથી, પરંતુ તેથી હું કાંઇ ડગવાની નથી. મારા ઉદયનો સર્વ આધાર આ ત્રણ વીરોની ઉપર છે. હું સદાકાળ તેમના આશ્રયમાં રહેવા ઇચ્છું છું. એ ત્રણે મારા પ્રચંડ શકિતવાળા હથીઆરો છે, અને મારૂં સુખ અને મારો આનંદ તેમના સહવાસમાં જ રહેલો છે. " વિપત્તિએ પોતાનો પૂર્ણ પક્ષપાત જણાવી દીધો.

" વિશ્વને વિપરીત દશામાં લાવનારી હે વિપત્તિ! હું સારી રીતે સમજું છું કે તારો મહિમા આ ત્રણ પુરૂષોથી જ છે, પરંતુ જગતના અજ્ઞાની જીવો જ્યાં સુધી તારો અને આ તારા સહાયક વીરોનો દુર્ગુણ સમજશે નહીં ત્યાં સુધી તેઓ બીચારા અંધવત્ થઇ તેમને આધીન થશે; પણ જ્યારે તેમને પૂરે પૂરો અનુભવ થશે ત્યારે તેઓ પશ્ચાત્તાપ કરી તેમનો ત્યાગ કરવાનો સંકલ્પ કરશે. હું તને અને આ તારા સહાયક વીરોને ધિક્કાર આપું છું. " સંપત્તિએ તિરસ્કારથી પોતાના હૃદયનો સિદ્ધાંત જણાવી દીધો.

સંપત્તિના આ શબ્દો સાંભળી વિપત્તિ ક્રોધાતુર બની ને બોલી–" અધમે ! તું ચાવળી થઇ મારો અને મારા સહાયક વીરોનો તિરસ્કાર શું વિચારીને કરે છે ? તું કાંઇ મારાથી ચડીઆતી નથી. આ તારી ચાર સહચારિણી સ્ત્રીઓ કોણ છે ? તેમની ઓળખ કરાવ્ય, એટલે મારા સમજવામાં આવે કે, તારો સહવાસ પણ કેવો ઉત્તમ છે ? "

વિપત્તિના આ વચનો સાંભળી સંપત્તિએ ઉત્સાહિત થઇને કહ્યું " પ્રમદે ! મારી આ સહચારિણીઓ કોઇપણ રીતે તારા સહવાસીઓથી ઉતરે તેમ નથી. સાંભળ, જેના હાથમાં પૂર્ણચંદ્ર જેવું તેજસ્વી છત્ર છે, તે મારી સહચારિણી બ્હેન **અભિમાનિતા** છે. આ મનોહર બાળાનો પ્રભાવ આખા વિશ્વમાં પ્રસરી રહ્યો છે. જગતમાં ધર્મ, કુલ, જાતિ, દેશ અને વર્ગનું રક્ષણ કરનારી જ આ મહાદેવી અભિમાનિતા છે. તેના મહાન્ પ્રભાવથી જ આ જગતનો વ્યવહાર ચાલે છે. જે આ હાથમાં રત્નજડિત સુવર્ણનો કલશ રાખી ઉભી છે, તે મારી પ્રિય સહવાસિની **સ્વછંદતા** છે. તેણીના પ્રભાવથી જગતના સર્વ જનો સ્વતંત્રતાના નામે ચરી ખાય છે, અને પરતંત્રતાનું મહાદુઃખ તેનાથી દૂર નાશી જાય છે. જેના હાથમાં આ રકતવર્ણથી સુશોભિત કુંકુમપાત્ર છે, તે મારી સહચારિણી સખી **અજ્ઞાનતા** છે. તેણી આ જગતને નિશ્ચિંતતાનું ભાન કરાવી સદા સુખમાં રાખે છે, જે ઉપરથી વિદ્વાનો કહે છે કે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" अज्ञः सुखं जीवति " જે અજ્ઞાનતાથી યુક્ત છે, તે પુરૂષ સુખે જીવે છે. " જેના હાથમાં મનોહર પુષ્પોની માળા છે, તે મારી પ્રિય સહચરી **પ્રમત્તતા** છે. તેણીના પ્રભાવથી અનેક મનુષ્યો મોજમજા ભોગવે છે. આ ચાર સહવાસિનીઓ હંમેશાં મને અનુસરે છે, અને જ્યાં મારો વાસ થાય, ત્યાં તેઓ આનંદપૂર્વક વસે છે. "

" અરે વૃથા ગર્વ ધરનારી ! આ તારી સહચારિણીઓને હું સારી રીતે ઓળખું છું. તેમની સાથે મારે પણ સંબંધ છે. કેટલેક સ્થળે મારો વાસ તેમને લઇને પણ થાય છે. તેં મારા સહવાસી વીરોની વૃથા નિંદા કરી છે, પણ આ તારી સહચારિણીઓ પણ તેમના જેવી જ છે. જો તું એમની પ્રશંસા કરતી હો તો તારે મારા સહવાસિઓની પણ પ્રશંસા કરવી જોઇએ. " વિપત્તિએ ખરી વાત જણાવી દીધી.

" અરે અધમે ! શું આ મારી સહચારિણીઓ સાથે તારે પણ સંબંધ છે ? હું એ વાત બિલકુલ માનતી નથી. તારા પક્ષપાતી વચન ઉપર મને બિલકુલ વિશ્વાસ નથી. સ્વાર્થી હૃદયનો વિશ્વાસ શી રીતે રાખી શકાય ? " સંપત્તિએ આક્ષેપપૂર્વક જણાવ્યું.

" અવિશ્વાસિનિ ! એ તો આ પ્રત્યક્ષ પ્રમાણ છે. આ તારી સહવાસિની-ઓને પૂછવાથી તને હમણાં જ ખાત્રી થશે. " વિપત્તિએ દૃઢતાથી જણાવ્યું.

વિપત્તિના આ વચન ઉપરથી સંપત્તિએ પોતાની સહચારિણીઓને પૂછયું એટલે તે સઘળીએ એકી અવાજે કહ્યું કે, " અમારે પણ ઘણી વાર વિપત્તિ-ઓની સાથે સંબંધ થાય છે. " તેમના આ વચનો સાંભળી સંપત્તિનું મુખ નિસ્તેજ બની ગયું, તેણીના મુખની આસપાસ ગ્લાનિ પ્રસરી ગઇ.

આ વખતે એક મહાત્મા તે માર્ગે પ્રસાર થતા હતા, તે તે સ્થળે આવી ચડયા. તેઓએ જ્ઞાનના પ્રભાવથી સંપત્તિ અને વિપત્તિના સ્વરૂપને ઓળખી લીધું. તેમની ભવ્ય મૂર્ત્તિ જોતાં જ સંપત્તિ અને વિપત્તિ બંને પરિવાર સાથે આશ્ચર્ય પામી ગઇ, અને અંજલી જોડી તેમની સન્મુખ ઉભી રહી. મહાત્મા મુખ ઉપર આનંદના અંકુરો પ્રગટ કરી બોલ્યા—" હે ભવ્ય અને અભવ્ય રૂપ વાળી બાળાઓ ! તમારૂં સ્વરૂપ મારા સમજવામાં આવ્યું છે. તમે બંને શા માટે વાદ કરો છો ? તમે બંને આ સંસારચક્રને વેગ આપનારી છો. અસ્તો દયનું ચક્ર પણ તમારે આધારે જ ચાલે છે. તમારૂં સ્વરૂપ જૂદું જૂદું દેખાય છે, પણ વસ્તુતાએ તમે બંને જ સહચારિણી છો. તમારામાં સંપ દેખાતો નથી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ તમે સાથે જ રહેનારીઓ છો. વૃથા વાગ્યુદ્ધ કરશો નહીં. તમારા આ સહવાસીઓ જૂદા જૂદા દેખાય છે, પરંતુ વસ્તુતાએ તેઓ પણ એક જ છે.”

મહાત્માના આ વચનો સાંભળી બંને ચકિત થઇ ગઇ. સંપત્તિના હૃદયમાં વિશેષ અપશોષ થઇ આવ્યો. પોતાને વિપત્તિની સમાન ગણી એ તેણીને જરા પણ રૂચિકર લાગ્યું નહીં, આથી તેણીએ ખિન્નવદને વિનયથી જણાવ્યું. “મહાત્મન્ ! હું સંપત્તિ કે જેને માટે આખું વિશ્વ સદા ઉત્સુક રહે છે અને જેને મેળવવાને અનેક જાતના સત્કર્મો કરે છે, તેને આપે વિપત્તિની સમાન ગણી, એ શું ? આપ મહાત્માના મુખમાંથી આવા શબ્દો નીકળે તો પછી મારી પ્રશંસા કોણ કરશે ?” સંપત્તિના આ વચનો સાંભળી મહાત્મા બોલ્યા— “ભદ્રે ! મેં જે કહ્યું છે તે સત્ય છે. તું તારા હૃદયમાં જરા પણ અપશોષ કરીશ નહીં. જે લોકો મોહના પાશમાં સપડાએલા છે, તે લોકો જ તારી પ્રશંસા કરે છે, પરંતુ જેમના હૃદયને મોહનો એક અંશ પણ સ્પર્શ્યો નથી, તેવા મહાત્માઓ કદિપણ તારી પ્રશંસા કરશે નહીં. મહાત્માઓને તો સંપત્તિ અને વિપત્તિ સમાન છે, કારણ કે તેઓ તમારા બંનેના સ્વરૂપને યથાર્થ રીતે સમજે છે. જે માર્ગે જનસમાજનું કલ્યાણ થાય તે માર્ગને જ તેઓ પસંદ કરે છે; છતાં પણ તમારામાં રહેલા ગુણોને તેઓ વર્ણવે છે. તમો બંને તદ્દન નિરૂપયોગી નથી. ભદ્રે ! સંપત્તિ, તારામાં એક મહાન્ ગુણ રહેલો છે, તે એ છે કે તારી પ્રાપ્તિ થતાં મનુષ્યે તારો સદુપયોગ કરવો જોઇએ. તારામાં મોહ કે આસક્તિ રાખ્યા વગર જે તારો સદુપયોગ કરે છે, તે તારા સહવાસમાં રહીને પણ કલ્યાણનો પાત્ર બને છે. આ વિશ્વમાં તારાથી અનેક કલ્યાણો સધાય છે, પરંતુ તારો પ્રસંગ એવો ભયંકર છે કે જેથી અલ્પમતિ મનુષ્યો ઉન્માર્ગે ચડી જાય છે અને આખરે તેમને તારા મધુર ફલનો વિપરીત સ્વાદ લેવો પડે છે.”

મહાત્માના આ વચનોથી સંપત્તિના હૃદયને જરા આશ્વાસન મળ્યું, પણ વિપત્તિ ગ્લાનમુખી અને ચિંતામગ્ન થઇ ઉભી રહી. ક્ષણવારે તેણીએ નમ્રતાથી જણાવ્યું. “ભગવન્ ! આપે સંપત્તિના ગુણ કહ્યાં, તેવા મારા ગુણ પણ કહેવાની કૃપા કરશો. આપ નિષ્પક્ષપાતી મહાત્મા છો, એટલે આપને વિશેષ કહેવાની જરૂર નથી.”

વિપત્તિની પ્રાર્થના સાંભળી, સમદષ્ટિ મહાત્મા ગંભીર સ્વરથી બોલ્યા— “વિપત્તિ ! તું કોઇ પણ માણસને પ્રિય નથી. તારો યોગ ઘણો ભયંકર છે, છતાં તારામાં પણ કેટલાએક ગુણ રહેલા છે. આ વિશ્વ ઊપર શ્રદ્ધા, દઢતા અને ધૈર્યની પરીક્ષા તારા યોગથી જ થાય છે, તેમજ વૈરાગ્ય જેવો અદ્ભુત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ.

અનુવાદક—વિઠ્ઠલદાસ મૂ. શાહ.

( ગતાંક પૃષ્ઠ ૨૬૨ થી શરૂ. )

જાગ્રત અવસ્થામાં વિષય મનની બહાર સ્વતંત્રરૂપમાં સ્થિત થયેલ હોય છે, જેથી કરીને હમેશાં આપણે સ્વપ્નમાંથી ઉઠીએ છીએ કે તરતજ એ વિષયને દેખીએ છીએ; પરંતુ સ્વપ્નમાં સ્વપ્નનો વિષય ત્યાંસુધી દેખાય છે જયાંસુધી મન રહે છે અને સ્વપ્ન બની રહે છે; કેમકે સ્વપ્નની સૃષ્ટિ મનમાંથી ઉદ્ભવે છે. મન જાગ્રત અવસ્થામાં આવે છે ત્યારે બધા સ્વપ્નના વિષય અદૃશ્ય થઇ જાય છે.

શ્વાસ લેવો, સાંભળવું, જોવું, અનુભવવું, સ્વાદ લેવો, સુંઘવું–એ સઘળાથી મનમાં સંસ્કાર ઘડાય છે. સાધનાથી સંસ્કાર નષ્ટ કરાય છે. જ્ઞાનીપુરૂષોને સંસ્કાર હોતા નથી, તે જ્ઞાનથી દગ્ધ થઇ જાય છે. એટલું તો નિઃસંદેહ છે કે સંસ્કારોનું બળ અંતઃકરણમાં જામે છે; પરંતુ તે સંસ્કાર નિર્દોષ હોય છે અને જ્ઞાનીઓને બંધનકર્તા થઇ શકતા નથી.

જુઓ, કેવી રીતે મનમાં વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. બધી વસ્તુઓનો ક્ષણ-ભંગુર સ્વભાવ મનની અંદર એક જાતનો ઉદ્વેગ ઉત્પન્ન કરે છે, અને એ સ્વભાવ અનુસાર સાંસારિક પ્રતિક્રિયા વધારે ઓછી શકિતથી પ્રત્યેકના મન ઉપર અસર પાડે છે. એવી અનિવાર્ય ભાવના જાગે છે કે પરિમિત વસ્તુ આપણી અંદરની અપરિમિત શકિતને સંતુષ્ટ નથી કરી શકતી, અર્થાત્ પરિવર્તનશીલ અને નાશવંત પદાર્થ આપણા અપરિવર્તનશીલ અને અમર સ્વભાવને સંતુષ્ટ નથી કરી શકતા.

---

ગુણ પણ પ્રાયે કરીને તારા દર્શનથી પ્રગટ થાય છે. કર્મના વિલાસો કે જે અદૃષ્ટ અને અદ્ભુત છે, તેની પ્રતીતિ તારા ઉપરથી જ થાય છે. જો આ જગતમાં તારૂં દર્શન ન થતું હોત તો કોઇ ધર્મ અને કર્મને માન આપતે નહીં, તેથી તું પોતે તદન નિર્ગુણ છે એમ ધારીશ નહિ."

મહાત્માના આ વચનો વિપત્તિને આશ્વાસન રૂપ થઇ પડયા. તેના મુખ-મંડળ ઉપર કંઇક હર્ષના ચિહ્ન પ્રગટ થયા. પછી મહાત્મા ત્યાંથી અકસ્માત પસાર થઇ ગયા, અને સંપત્તિ અને વિપત્તિ પણ પોતપોતાના પરિવાર સાથે ઇચ્છીત પ્રદેશમાં ચાલી ગઇ. **( શાસ્ત્રી. )**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાંડવોની પત્ની દ્રૌપદી મન છે અને પાંડવો પાંચ જ્ઞાનેન્દ્રિયો છે. ધૃતરાષ્ટ્ર અવિદ્યા છે, એ ગોપ્ય અર્થ છે.

જગતમાં મન અને પ્રાણ બે પ્રધાન તત્વ છે. હઠયોગી પ્રાણને વશ કરવાની ચેષ્ટા કરે છે, રાજયોગી મનને વશ કરવાની ચેષ્ટા કરે છે, જ્ઞાનયોગી પોતાના સાધનનો પ્રારંભ બુદ્ધિ અને ઈચ્છાશક્તિદ્વારા કરે છે.

**'ध्यानं निर्विषयं मनः'** જ્યારે મન ઇંદ્રિયોના વિષયોના ચિંતન તથા ઉપભોગથી મુક્ત થઇ જાય છે ત્યારે જ ધ્યાન થાય છે.

પ્રાણાયામથી મનોનાશ નથી થઇ શકતો, પણ અમુક સમય સુધી વૃત્તિયો શાંત થઇ જાય છે.

વાસનાત્મક મનનો અવાજ તમને અશુભ માર્ગે લઈ જશે. મનને શુદ્ધ કરો અને સાત્વિક મનનો અવાજ સાંભળો.

ચિત્ત મનસ્તત્વ છે, એ અંતઃકરણની બારી છે. એ સંસ્કારોનો કોષાગાર છે, જેમાંથી મન, બુદ્ધિ, ચિત્ત, અને અહંકારની ત્રણ પ્રધાન વૃત્તિયો નીકળે છે.

મન સંકલ્પ-વિકલ્પ કરે છે. એ વિચારે છે કે અમુક વસ્તુ સારી છે કે ખરાબ. બુદ્ધિ તેનો વિવેક કરે છે.

જ્યાં સુધી ઇચ્છા હોય છે ત્યાં સુધી મનની અંદર રાગ અને દ્વેષ સાથોસાથ રહે છે.

ઇન્દ્રિયો વિષયાકાર ઇચ્છાઓ છે. જોવાની ઇચ્છા ચક્ષુઇન્દ્રિય છે, સાંભળવાની ઇચ્છા શ્રોત્ર છે. ઇન્દ્રિયોની બે અવસ્થાઓ હોય છે. સ્થિત્યાત્મક તથા ગત્યાત્મક. જ્યારે ઇચ્છાઓ ક્રિયાન્વિત થવા લાગે છે ત્યારે ઇન્દ્રિયો ગતિશીલ થાય છે, એજ ગત્યાત્મક દશા છે. ઇચ્છાઓ પૂર્ણ થાય છે કે તરત જ ઇન્દ્રિયો તૃપ્ત થઇને સંકુચિત થઇ જાય છે, એજ સ્થિત્યાત્મક અથવા નિષ્ક્રિય અવસ્થા છે.

પાશ્ચાત્ય વૈદકશાસ્ત્ર અનુસાર પ્રકાશકંપન બહારથી નેત્રની પુતળી (Retina) પર આઘાત કરે છે અને તેમાં એક ઉલટું ચિત્ર અંકિત થઇ જાય છે. એ કંપન ચાક્ષુષપ્રણાલીદ્વારા મસ્તકના પાછલા ભાગમાં રહેલા દૃષ્ટિકેન્દ્રમાં જાય છે. ત્યાં એક સ્પષ્ટ ચિત્ર બને છે, ત્યારે તમે તમારી સામે ખુરશી જોઇ શકો છો. પ્રત્યક્ષનો વેદાન્તિક સિદ્ધાંત એ છે કે મન ઇન્દ્રિય-પ્રણાલીદ્વારા બાહ્ય :વિષયોનો આકાર ગ્રહણ કરે છે.

જગત્ એ જીવની માનસિક સૃષ્ટિ નથી. કેવળ ઇશ્વરીય મનનો એક જ વિચાર આ દૃશ્ય જગતની સૃષ્ટિ કરી નાખે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૈયાક્તિક મન જ બાહ્ય વિષયો જુએ છે. જો તમે એ જ વિષયોને અણુ-વીક્ષણ યંત્રથી જુઓ તો તે જૂદા જ દેખાશે. જો તમે સીધા મનથી જ જોઇ શકો તો તમને બિલ્કુલ જૂદા જ દેખાશે. હિરણ્યગર્ભ અથવા કાર્યબ્રહ્મના દષ્ટિકોણ તદ્દન જૂદા જ હોય છે. તે તો પ્રત્યેક વસ્તુને પોતાની અંદર રહેલા એક કંપન અથવા ગાતના રૂપમાં પોતાના સંકલ્પ સમાન જુએ છે. આપણે આપણી ઇચ્છામાત્રથી આપણી કલ્પનાનું સંવરણ કરી શકીએ છીએ.

મન અંધારામાં ભટકે છે, એ ક્ષણે ક્ષણે ભૂલ્યા કરે છે, તે એક વખતે એક જ કાર્ય કરી શકે છે, તે પરિમિત છે, જડ છે, પરિચ્છિન્ન છે, તે સત્વ-ગુણનું કાર્ય છે, તે વિનાશી છે, ચંચળ સ્વભાવનું છે. તે ભાવો, સંસ્કારો, અભ્યાસો, વેદનાઓ અને ભાવનાઓના એક રાશિસમાન છે. અધિષ્ટાન બ્રહ્મમાંથી તે પ્રકાશ પ્રાપ્ત કરે છે. મનને વશ કરી શકાય છે. ધ્યાતા ધ્યેય વસ્તુથી ભિન્ન છે. સ્વપ્નમાં મનની ક્રિયાઓ નથી થતી. આપણે હંમેશા 'મારૂં મન' એમ કહીએ છીએ, પણ મન તો આપણું એક સાધન છે, એટલા માટે મન પોતે પ્રકાશ–આત્મા નથી.

નિદિધ્યાસનમાં ચિંતન બંધ થઇ જાય છે. એક જ ભાવના રહી જાય છે. જ્યારે એ ભાવના પણ ચાલી જાય છે ત્યારે નિર્વિકલ્પ સમાધિ ઉત્પન્ન થાય છે.

સહજ ચેતના સૌની અંદર એકસરખી જ હોય છે. એ શુદ્ધ ચેતના એક જ હોય છે જેને કૂટસ્થ ચૈતન્ય કહે છે. મનની બધી ક્રિયાઓ, તેમજ સૌના મનમાં જે વિકારો ઉત્પન્ન થાય છે તે સઘળા એક સમષ્ટિ–ચેતનાની સામે ઉપસ્થિત થાય છે જે માનસિક વૃત્તિયોના સાક્ષી છે. —ચાલુ.

## પ્રશ્નોત્તર સમશ્યાઓ.

(મહાવીર)

| પ્રશ્ન | ઉત્તર. |
|---|---|
| કોણ શોભે ષટ્પદ થકી | ભ્રમર. |
| કોણ નામ નદી મુખ | પહાડ. |
| કોણ સ્વામી કિરણ તણો | સવિતા. |
| કોણ મૂળ સહુ સુખ | ધરમ. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( મહાવીર )

| | |
|---|---|
| કોણ ન્યારૂં જળ પંકથી | કમળ |
| સાગરમાં કોણ સહાય | જહાજ |
| ચિરંજીવી સાહિત્ય કયું | કવિતા |
| કયું પદ શ્રેષ્ઠ મનાય | પરમ |

( ભગવાન )

| | |
|---|---|
| કયું દાન ઉત્તમ કહ્યું | અભય |
| ગંભીર કોણ ગણાય | સાગર |
| કુસુમ આપે શું જગતને | સુવાસ |
| કયો ભવ શ્રેષ્ઠ મનાય. | માનવ |

**અરિહંત.**

અનંત જ્ઞાન આપે લહ્યું,
રિદ્ધ સિદ્ધથી શોભંત;
હંફાવી શત્રુ હણ્યા,
તમો તેથી અરિહંત.

**વીતરાગ.**

વીર્ય ફોરવી શિવપદ વરિયા,
તરી ગયા સંસાર,
રાગ દ્વેષ રગદોળ્યા તેથી,
ગણાયા વીતરાગ.

**જીનવર.**

જીત્યા જાલીમ શત્રુને.
નરભવ સફળો કીધ.
વચનામૃત વરસાવીને.
રક્ષા સહુની કીધ.

છગનલાલ નહાનચંદ નાણાવટી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " વિવેકપર્વત "

ભવચક્રપુરના રહેવાસી લોકો જ્યાંસુધી આ **વિવેકગિરિને** દેખતા નથી ત્યાં સુધી દારૂણ દુઃખથી પીડાયા કરે છે. જ્યારે તેઓ આ પર્વતને દેખે છે ત્યારે આ ભવચક્રપુરમાં તેઓનું મન રતિ પામતું નથી. 'સત્ય અસત્યને યથાર્થ સમજવાવાળા વિવેકી જીવોને આ સંસારમાં આસક્તિ રહેતી નથી. તેમનું મન આત્માના સાચા સુખ તરફ વળે છે. તેઓ આ ભવચક્રનો ત્યાગ કરીને આ મહાન્ ગિરિ ઉપર જ્યારે આરૂઢ થાય છે ત્યારે વિવિધ દુઃખોથી મુક્ત થઇને મહાન્ આનંદના ભાગી થાય છે.'

" વિવેક પ્રગટ થતાં કર્મો સારાં કરાય છે તેથી દુઃખ થતું નથી અને આનંદ પ્રગટે છે."

આ નિર્મળ અને ઉંચા પર્વત ઉપર રહેનારા જીવોને હથેળીમાં રહેલી વસ્તુની માફક ભવચક્ર દેખાઇ આવે છે, તે પછી તેઓ વિવિધ દુઃખથી ભરેલા ભવચક્રને દેખતાં જ તેનાથી વિરક્ત બને છે. વિવેકગિરિ તરફ પ્રેમ બંધાતાં ભવચક્રથી વિરક્ત થાય છે, કેમકે તાત્ત્વિકરીતે આ ગિરિ ખરેખરા સુખનું કારણ છે, એમ તેમને નિશ્ચય થાય છે.

સત્યાસત્યનો નિશ્ચય થતાં ભવચક્રનું ખરૂં સ્વરૂપ તે જીવ સમજી શકે છે. " આત્મા તરફ પ્રેમ બંધાતાં ભવનાં દુઃખોથી વિરક્ત થવાય તે સ્વાભાવિક છે." ભવચક્રમાં રહેવા છતાં પણ આ વિવેકગિરિના મહાત્મ્યથી મનુષ્યો નિરંતર સુખી થાય છે. 'સત્યના ભાનવાળા જીવો સંસારમાં રહેવા છતાં નિર્લેપ રહી શાન્તિ અનુભવી શકે છે.'

## " અપ્રમત્તતા શિખર."

વિવેક પર્વતનું આ અપ્રમત્તતા શિખર છે. " ધન ધાન્યાદિ, શરીર અને કર્મ એ સર્વથી હું જૂદો છું આવી **ભેદબુદ્ધિ** તે વિવેકજ્ઞાન છે. વિવેકદૃષ્ટિ થવાથી ક્રોધાદિક કષાયની નિવૃત્તિ થાય છે. આ દોષોનું હળવા થવાપણું અને આત્મભાનમાં જાગૃત થવાપણું તે અપ્રમત્તદશાને **શિખર** કહેવામાં આવે છે." આ શિખર સર્વ દોષોના નાશનું કરનારૂં છે. અંતરંગ મહામોહાદિક દુષ્ટ રાજાઓને ત્રાસનું કારણ છે. કોઇ કોઈ વખત મહામોહાદિ આ વિવેક પર્વત ઉપર આરૂઢ થયેલા લોકોને ઉપદ્રવ કરવા આવે છે તે વખતે વિવેક પર્વત ઉપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આરૂઢ થયેલા લોકો શૂરવીર બનીને આ અપ્રમત્ત શિખર ઉપરથી તેમને નીચા ફેંકી દે છે, તેથી તેમના હાડકાનાં ચૂરેચૂરા થઇ જાય છે. છેવટે કાયર થઇને શિખરને દૂરથી જોતાં જ તેઓ નાશી જાય છે.

વિવેકાદિક અંતરંગ રાજાઓએ શત્રુઓનો નાશ કરવા માટે આ શિખર બનાવેલું છે.

" વિવેકી થયા પછી જ્યારે તે વિવેકને વર્તનમાં મૂકવારૂપ અપ્રમત્ત આત્મભાનમાં જીવ સ્થિર થાય છે ત્યારે મહામોહાદિ શત્રુઓ જે અશુભ પ્રકૃતિને આશ્રયી રહેલા છે તેઓની સત્તા-શક્તિ વિખરાઇ જાય છે. પછી જ્યારે જ્યારે આ અપ્રમત્તદશામાં જીવ આવી રહે છે ત્યારે ત્યારે મહામોહાદિ તેની નજીકમાં આવતા નથી અને સન્મુખ પણ જોઇ શકતા નથી, માટે જ કહેવામાં આવેલું છે કે વિવેકાદિક અંતરંગ રાજાઓએ આ અપ્રમત્ત શિખર મહામોહાદિકનો નાશ કરવા માટે જ બનાવેલું છે. આ શિખર શ્વેત, વિશાળ, ઉંચું અને સર્વ લોકોને સુખકારી હોવાથી બહુ જ સુંદર છે. " અપ્રમત્તદશા ઉજ્વળ, વિશાળ અને સર્વ કરતાં શ્રેષ્ઠ હોવાથી જીવને સદા સુખદાઇ છે. " ( અતિ નિકટ ભવ્યાત્માઓ જ આવી ઉચ્ચદશાનો અનુભવ કરી શકે છે. ) ઇતિશમ્.

સ. ક. વિ.

---

## આત્મિક રાજ્યપ્રાપ્તિનો ઉપાય.

" આત્મિક રાજ્યની પ્રાપ્તિ માટે તે માર્ગના પારગામી ગુરૂદેવની સેવા કરવી. ધર્મશાસ્ત્રોનાં રહસ્યના પારગામી થવું. શાસ્ત્રના ઉંડા રહસ્યનો વિચાર કરવો. તે વડે મનને દઢ કરવું, મનશુદ્ધિ માટે ક્રિયા કરવી. આત્મભાન જાગૃત રહે તે માટે સત્પુરૂષોનો સમાગમ કરવો. અસત્સંગ તેમાં વિઘ્નરૂપે છે માટે તેનો ત્યાગ કરવો. રાગ-દ્વેષ દૂર કરવા. બધા જીવોને પોતાસમાન ગણવા. પોતાની માફક સર્વ જીવો સુખના વાંછક છે માટે તેમનું રક્ષણ કરવું. શક્તિ અનુસાર તેમને જોઇતી મદદ કરવી. વાણી ઉપર કાબૂ મેળવવો. તે માટે પ્રિય, પથ્ય, સત્ય, સ્વલ્પ, સમયોચિત બોલવાની ટેવ પાડવી. બાહ્યધન એ મનુષ્યોના પ્રાણ જેવું છે, જેના જવાથી જીવો દેહનો પણ ત્યાગ કરે છે, તેવા કારણોમાં નિમિત્ત કારણ ન થવાય તે માટે કોઇનું કાંઇપણ તેની ઇચ્છા સિવાય ન લેવું. નવવાડ શુદ્ધ બ્રહ્મચર્ય પાળવું. બાહ્ય અને અભ્યંતર પરિગ્રહનો ત્યાગ કરવો. સંયમને ઉપકારી જીવન જીવવું, નિર્દોષ આહાર, પાણી, વસ્ત્ર, પાત્રાદિકની મદદ લઇ, ધર્મમાં મદદગાર શરીરનું રક્ષણ કરવું. સ્થાનાદિ પ્રતિબંધ થવા ન પામે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે માટે નવકલ્પી વિહારે પ્રતિબંધ રહિત વિચરવું. નિદ્રા, તંદ્રા, આલસ્ય, વિષાદ ( ખેદ ) અને પ્રમાદને અવકાશ ન આપવો. અનુકૂળ ઇન્દ્રિય વિષયોમાં આસકત ન થવું અને પ્રતિકૂળમાં ઉદ્વેજિત ન થવું. સદા સંતોષી બનવું. દરેક ક્ષણે વિશુદ્ધ પરિણામ વડે કર્મમેલ ધોયા કરવો. વિવિધ તપશ્ચર્યા કરવી. પાંચ પ્રકારે સ્વાધ્યાય કરવો. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિવાળા પવિત્ર માર્ગમાં અંતઃકરણને જોડવું. ક્ષુધા તૃષાદિક પરિષહો સહન કરવા. ધૃતિ, બુદ્ધિ અને સ્મૃતિ વધે એવો અભ્યાસ સેવવો. મનને આત્મા તરફ વાળવું અને પરમાત્મ-સ્વરૂપમાં એકાગ્રતા વધારવી. આ પ્રમાણે વર્તન કરવાથી આત્મિક રાજ્યમાં પ્રવેશ થઇ શકે છે. અધિકારી જીવે તેમ કરવું ઉચિત છે.

## ' અભ્યાસ અને વૈરાગ્ય. '

વૈરાગ્યની મદદથી વિશ્વના તમામ પદાર્થોમાંથી વિરક્ત થવાય છે. જો વૈરાગ્ય ન હોય તો જીવ પોતાનો માર્ગ મૂકીને કોઇને કોઇ વિષયમાં આસક્ત થઇ જઇ આગળ વધતો અટકી પડે છે. માટે આત્મરાજ્ય મેળવવામાં વૈરાગ્યની બહુ જરૂર છે. સામાન્ય વૈભવથી માંડી દેવલોક સુધીનો વૈભવ કાગડાની વિષ્ટા જેવો લાગવો જોઇએ. આત્મમાર્ગના પ્રયાણમાં મદદગાર થાય એવાં સાધનો સેવવાનો સતત-દઢસ્થાયી અભ્યાસ પ્રેમપૂર્વક વધારવો જોઇએ. મનની ચંચળ-વૃત્તિઓ રોકાય અને શુદ્ધ બને તેવો અભ્યાસ બહુ ઉપયોગી છે. અભ્યાસ અને વૈરાગ્ય આ બંને આત્મરાજ્યમાં પ્રવેશવા સહાયકરૂપે ગ્રહણ કરવા. **ઇતિશમ્.**

( સંગ્રહીત ) **સદ્‌ગુણાનુરાગી કર્પૂરવિજયજી.**

# આત્માની ત્રણ અવસ્થાની સમજ.

જૈન શાસ્ત્રમાં સંખ્યાતિત અવસ્થાઓનું બહુ જ સંક્ષેપમાં વર્ગિકરણ કરીને દેહધારી આત્માઓની ફકત ત્રણ અવસ્થા વર્ણવવામાં આવી છે.

૧ બહીરાત્મ અવસ્થા—૨ અંતરાત્મ અવસ્થા—૩ પરમાત્મ અવસ્થા.

૧ બહીરાત્મ અવસ્થામાં આત્માનું વાસ્તવીક વિશુદ્ધરૂપ અત્યંત ઢંકાયેલું હોય છે, તેને લીધે આત્મા મિથ્યા અધ્યાયવશ થઇને પૌદગલીક વિલાસ સર્વસ્વ માની લે છે. અને તેની પ્રાપ્તિ માટે પોતાની બધી શકિત ખર્ચી નાંખે છે.

૨ અંતરાત્મ અવસ્થામાં—આત્માનું વાસ્તવીક સ્વરૂપ પૂર્ણ રીતે પ્રગટતો થતું નથી. પરંતુ તેના ઉપરનું આવરણ ગાઢ ન રહેતાં શિથિલ-શિથિલતર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શિથિલતમ થઇ જાય છે. જેને લીધે તેની દ્રષ્ટિ પૌદગલીક વિલાસો તરફથી હઠી શુદ્ધ સ્વરૂપ તરફ લાગી જાય છે. એથી જ તેની દ્રષ્ટિમાં શરિર આદીની જીર્ણતા કે નવીનતા એ પોતાની જર્ણતા કે નવીનતા નથી એમ સમજે છે. આ બીજી અવસ્થાજ ત્રીજી અવસ્થાનું પગથીયું છે.

૩ પરમાત્મ અવસ્થામાં આત્માનું વાસ્તવિક સ્વરૂપ પૂર્ણ પ્રગટ થઇ જાય છે, અર્થાત તેની ઉપરનાં ગાઢ આવરણો બીલકુલ નાશ પામી જાય છે.

પહેલું બીજું ને ત્રીજું ગુણસ્થાન બહીરાત્મ અવસ્થાનું ચિત્રણ છે. ચોથાથી બારમાં ગુણસ્થાન સુધીનાં ગુણસ્થાનો એ અંતરાત્મ અવસ્થાનું દિગ્દર્શન છે અને તેરમાં તથા ચૌદમાં ગુણસ્થાનમાં પરમાત્મ અવસ્થાનું સ્થાન રહેલું છે. તે અવસ્થા ( તે ગુણસ્થ ન ) આત્માએ ગમે તે ભોગે પ્રાપ્ત કરવી જ જોઇએ.

સંગ્રાહક,
**મોતીલાલ નરોત્તમ કાપડીઆ.**

# વકીલ કેશવલાલ પ્રેમચંદ મોદીનો સ્વર્ગવાસ.

બંધુ કેશવલાલભાઇ પ્રેમચંદ બી. એ. એલએલ. બી. તા. ૨૫-૬-૩૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓશ્રી અમદાવાદના વતની, શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના સ્થાનિક પ્રતિનિધિ અને પ્રતિષ્ઠીત વકીલ હતા. સ્વભાવે મીલનસાર, માયાળુ, નિરભીમાની હતા. તેઓશ્રી જૈન ધર્મના ઉંડા અભ્યાસી અને સાહિત્ય રસિક હતા. આ સભા તરફથી ઘણા વખતથી પ્રગટ થતા પ્રાચીન સાહિત્ય ગ્રંથોથી ખુશી થઇ ઘણા વખતથી લાઇફ મેમ્બર થયા હતા. આ સભા ઉપર સંપૂર્ણ પ્રેમ ધરાવતા હતા. તેઓશ્રીના સ્વર્ગવાસથી જૈન સમાજને નહિં પુરી શકાય તેવી એક જૈન નરરત્નની ખોટ પડી છે. તેમના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થના કરીયે છીયે.

# પ્રતીમાજી જોઇએ છે.

અત્રે ( ભાવનગર ) ના કરચલીયાપરાના દેરાસરજીમાં મૂળનાયક તરીકે બીરાજમાન કરવાને શ્રી પાર્શ્વનાથ પ્રભુના ૧૦ થી ૧૫ ઇંચ પ્રમાણના પ્રતીમાજી જોઇએ છે. અનુકૂળ શરત સાથે લખોઃ—

શ્રી જૈન સંઘ પેઢી
ભાવનગર. } **શેઠ ડોસાભાઇ અભેચંદ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી ધર્મપરિક્ષા–( શ્રી જિનમંડનગણિ વિરચિત. )

સોનું જેમ ચાર પ્રકારની પરિક્ષાએ કરી ગ્રહણ થાય છે તેમ કેવા પ્રકારની પરિક્ષા (ગુણો) એ કરીને ધર્મ ગ્રહણ કરવો તે આઠ ગુણોના વિસ્તારપૂર્વક વિવેચન સાથે ઉપદેશક, સુંદર, મનનપૂર્વક વાંચતાં હૃદયને તેવી અસર કરી ધર્મ ગ્રહણ કરવા ઉત્કટ જિજ્ઞાસા થાય તેવી જુદી જુદી દશ કથાઓ આ ગ્રંથમાં આપવામાં આવેલ છે.

આત્માના દ્રવ્ય–ભાવરૂપી રોગોને દૂર કરવા માટે રસાયનરૂપ અને જાત્યવંત સુવર્ણની જેમ કર્મરજને દૂર કરી, આત્માને અત્યંત નિર્મળ કરનાર, સદ્ધર્મના પરમ ઉપાસક બનાવી પરમ-પદ–મોક્ષનો અધિકારી બનાવે છે. પંદર ફોર્મ બસેંહ ઉપરાંત પાનાનો ઉંચા એન્ટ્રીક પેપર ઉપર સુંદર ગુજરાતી ટાઇપથી છપાવી સુશોભિત બાઇન્ડીંગથી આ ગ્રંથ [illegible]કૃત કરવામાં આવેલ છે. કિંમત રૂા ૧–૦–૦

---

# ॥ श्री वसुदेवहिण्डि प्रथमखण्डम् ॥

## द्वितीय अंशः बीजो भाग.

સંપાદકો તથા સંશોધકો—મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજ તથા મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ.

આ બીજા અંશમાં આઠમાથી અઠ્ઠાવીશમા સુધી ૨૧ લંભકો આવેલા છે. જે ૧૦૪૮૦ શ્લોકોમાં પૂર્ણ થાય છે.

આ પ્રથમ ખંડનો, તથા કર્ત્તા મહાત્માનો પરિચય અને આ ગ્રંથ કેટલો ઉચ્ચ કોટીનો છે, પરિશિષ્ટોને લગતો વિશેષ પરિચય, પ્રસ્તાવના, વિષયાનુક્રમ, કોષ આદિ સાથે હવે પછી પ્રકટ થતા ત્રીજા ભાગમાં આપવામાં આવશે. આ ગ્રંથ જૈનોના પ્રાચીનમાં પ્રાચીન કથા-સાહિત્યમાંનું એક અણમોલું રત્ન છે. કિંમત રૂા. ૩–૮–૦ સાડા ત્રણ રૂપિયા ( પોસ્ટેજ જુદું ) રાખવામાં આવેલ છે. ઇતિહાસિક પ્રાચીનમાં પ્રાચીન કથાસાહિત્યના આ ગ્રંથનું ગુજરાતી ભાષામાં ભાષાંતર કરાવી પ્રકટ કરવા આ સભાની ઇચ્છા હોવાથી આર્થિક સહાયની જરૂર છે.

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

# ભેટ ! !

૧ પર્યુષણ અઠ્ઠાઇ વ્યાખ્યાન ( શ્રી ઉદયસોમસૂરિ કૃત ) જ્ઞાનભંડાર કે સાધુ–સાધ્વી મહારાજ જેઓશ્રી તેના ખપી હોય તેઓશ્રીને ભેટ આપવાનું છે. મુનિરાજશ્રી વિનયવિજયજીના ઉપદેશથી પ્રસિદ્ધ થયેલ છે. તેના અભ્યાસી કોઇ જૈન બંધુ અભ્યાસ કરવા તરીકે લાભ લેવા માગશે તેને પણ પોસ્ટ ખર્ચનો એક આનો મોકલવાથી ભેટ મોકલવામાં આવશે.

૨ પ્રશમરતિ—જેઓને તેનો અત્યારસુધી લાભ થયો ન હોય અને હજુ પણ તેનો લાભ લેવા આતુર હોય તેવા ખરા તત્ત્વજિજ્ઞાસુ કોઇ પણ ઉત્તમ વ્યક્તિ કે સંસ્થાને તેનો લાભ ચાલુ ચાતુર્માસ દરમિયાન મળી શકે તેવા શુભ આશયથી ભેટ આપવાની છે. સાડા ત્રણ આના પોસ્ટના મળ્યેથી ભેટ આપવામાં આવશે તેમજ ત્યાગી સાધુ–સાધ્વી મહારાજને પણ ભેટ આપવામાં આવશે.

લખો:—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પરના

ે ત્રી

પુ. ૨૯ મું. વીર સં. ૨૪૫૮. આષાડ, આત્મ સં. ૩૭. અંક ૧૨ મો.

## કેળવણીનું ધ્યેય.

"सा विद्या या विमुक्तये । જે મુક્તિને માટે લાયક કરે તે વિદ્યા; બાકી બધી અવિદ્યા. આથી, જે ચિત્તની શુદ્ધિ ન કરે, મન અને ઇન્દ્રિયોને વશ રાખતાં ન શીખવે, નિર્ભયતા અને સ્વાશ્રયિત્વ પેદા ન કરે, નિર્વાહનું સાધન ન બતાવે, અને ગુલામીમાંથી છૂટવાની અને છૂટેલા રહેવાની ધગશ અને શક્તિ ન ઉપજાવે-તે કેળવણીમાં ગમે તેટલો માહિતીનો ખજાનો, તાર્કિક કુશળતા અને ભાષાપાંડિત્ય રહ્યાં હોય; છતાં એ કેળવણી નથી અથવા અધુરી કેળવણી છે.

'ગાંધી વિચારદોહન' માંથી.

For Private And Personal Use Only